CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 08


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 04, Dt. 04-05-2026 (MONDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789


**બંગાળ ભાજપના હાથમાં** મમતાના ગઢમાં અત્યાર સુધીનું ભાજપનું સૌથી ઐતિહાસિક પરિણામ

# મોદીની 'ઝાલમુરી' થી મમતાને 'ડાયેરિયા'

## ભાજપની આંધીમાં મમતાનો કિલો ધ્વસ્ત

- ભાજપની લહેર બંગાળ, આસામ, પુડુચેરીમાં કમળ ફૂલ બહારમાં ખીલ્યું
- તમિલનાડું વિજયની બ્લોક બાસ્ટર એન્ટ્રી TVG 110 બેઠકો જીતી
- કેરલમાં 10 વર્ષ પછી કોંગ્રેસની સરકાર આવી

## કોલાથુર બેઠકથી એમ.કે.સ્ટાલિન ચૂંટણી હાર્યા



તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિન જ ચૂંટણી હારી ગયા છે. તેમણે કોલાથુર બેઠકથી ચૂંટણી લડી હતી. તેમની સામે ટીવીકેના વી.એસ.બાબુનો વિજય થયો છે. જોકે હજુ સુધી ચૂંટણી પંચની સત્તાવાર વેબસાઈટ જણાવે છે કે ૨૨માંથી ૧૬ રાઉન્ડની ગણતરી પૂર્ણ થઈ ચૂકી છે અને સ્ટાલિન ૭૫૦૦ વોટથી પાછળ છે.

## આસામ કોંગ્રેસના દિગ્ગજ ગૌરવ ગોગોઈની હાર



આસામથી કોંગ્રેસને ઝટકો આપે તેવા મોટા સમાચાર એ છે કે પાર્ટીના મુખ્ય ચહેરા કોંગ્રેસના દિગ્ગજ નેતા ગૌરવ ગોગોઈ હારી ગયા છે. તેમણે જોરહાટ બેઠકથી ચૂંટણી લડી હતી. અહીં તેમણે ૨૩૧૮૨ વોટથી ભૂંડી હારનો સામનો કરવો પડ્યો છે.



**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરલમ અને પુડુચેરીની વિધાનસભાની ચૂંટણીઓના પરિણામો આજે ૪ તારીખ સોમવારે જાહેર થવાનું શરૂ થઈ ગયું છે. સવારે આઠ વાગ્યાથી મત ગણતરી શરૂ કરી દેવામાં આવી છે.

ભાજપ ૧૯૩ અને ટીએમસી ૮૮ બેઠકો પર આગળ ચાલી રહી છે. ભાજપે ૬ બેઠકો જીતી છે, એક બેઠક ટીએમસીના ખાતામાં આવી છે. બંગાળની ૨૯૩ બેઠકો પર મતની ગણતરી ચાલુ છે. ફાલ્ટાની એક બેઠક પર ૨૧ મેના રોજ ફરી મતદાન થશે. વલણોમાં ભાજપને બહુમતી મળી છે.

ડાબેરીઓ બાદ મમતા બેનરજીના પક્ષ તૃણમુલ કોંગ્રેસનું લાંબા સમયથી પશ્ચિમ બંગાળમાં શાસન રહ્યું છે, અહીંયા બે તબક્કામાં ૯૦ ટકાથી વધુ મતદાન થયું હતું, હવે આજેઆશરે ૨૯૩ વિધાનસભા બેઠકોનની મત ગણતરી કરવામાં આવશે, જે માટે ૭૭ મત ગણતરી કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ તમામ કેન્દ્રો પર ત્રણ સ્તરની સુરક્ષા રાખવામાં આવી છે. મમતા બેનરજી ચોથી વખત સત્તા જાળવી રાખવા પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભાજપ અહીંયા સત્તા મળવાની આશા જોઈ રહ્યું છે. ડાબેરીઓ, કોંગ્રેસ મૂળીયા મજબુત કરવા પ્રયાસ કરી રહ્યા છે. અસદુદ્દીન ઓવૈસીનો પક્ષ પણ નસીબ અજમાવી રહ્યો છે. ચૂંટણી પંચે ૧૬૫ વધારાના મત ગણતરી નિરીક્ષકો, ૭૭ પોલીસ નિરીક્ષકોની નિમણુક કરી છે.

| પશ્ચિમ બંગાળ | |
|---|---|
| કુલ 293 બેઠકો । બહુમતી 147 | |
| ભાજપ | 198 |
| TMC | 89 |

| તમિલનાડુ | |
|---|---|
| કુલ 234 । બહુમતી 118 | |
| TVK | 109 |
| DNK | 61 |
| અન્નાદ્રમુક | 54 |

| કેરલમ | |
|---|---|
| કુલ 140 । બહુમતી 71 | |
| યુડીએફ | 99 |
| એલડીએફ | 35 |
| એનડીએ | 3 |

| આસામ | |
|---|---|
| કુલ 126 । બહુમતી 64 | |
| ભાજપ | 101 |
| કોંગ્રેસ | 23 |

| પુડુચેરી | |
|---|---|
| કુલ 30 । બહુમતી 16 | |
| NDA | 17 |
| કોંગ્રેસ | 5 |





## મમતાના ઘરની બહાર જય શ્રી રામના નારા

# બંગાળમાં ડખ્ખો

- ભાજપ–ટીએમસી, સમર્થકો વચ્ચે લડાઈ : સુરક્ષાદળોનો લાઠીચાર્જ
- મોટાભાગના શહેરોમાં TMC કેમ્પ ઓફિસમાં તોડફોડ
- જમુરિયામાં આગચંપી: લાઠીચાર્જ

સિટી ન્યૂઝ@કોલકાત્તા

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામોની જાહેરાત વચ્ચે આજે કેટલાક વિસ્તારોમાં તણાવનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને જ્યા ટીએમસી હારી છે એ વિસ્તારોમાં, "જયશ્રી રામ"ના નારા લગાવવાના મુદ્દે રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ અને બબાલના બનાવો સામે આવ્યા છે.

મીડિયા રિપોર્ટના અહેવાલ મુજબ, પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થવા લાગ્યા ત્યારથી જ વિવિધ રાજકીય પક્ષોના સમર્થકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા.

આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં "જયશ્રી રામ"ના નારા લગાવવામાં આવ્યા હતા, જેને લઈને વિરોધ પક્ષના કાર્યકરો સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. થોડાક સમયમાં જ વાત એટલી વકરી ગઈ કે, કેટલીક જગ્યાએ મારામારી અને તોડફોડ જેવા બનાવો પણ બન્યા હોવાના અહેવાલો છે.

સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા. કેટલાક વિસ્તારોમાં વધારાની પોલીસ તહેનાત કરવામાં આવી છે. જેથી વધુ તણાવ ફેલાય નહીં.

રાજકીય નેતાઓએ આ ઘટનાને લઈને એકબીજા પર આરોપો લગાવ્યા છે. એક તરફ કેટલાક નેતાઓએ આરોપ મૂક્યો છે કે, ઈરાદાપૂર્વક ઉશ્કેરણીજનક નારા લગાવવામાં આવી રહ્યાં છે, જ્યારે બીજી તરફ કહેવામાં આવી રહ્યું છે કે લોકશાહી પ્રક્રિયામાં આનંદ વ્યક્ત કરવો એ કોઈ ગુનો નથી.

ચૂંટણી પરિણામોના દિવસે આવી ઘટનાઓ ચિંતાજનક માનવામાં આવે છે. પશ્ચિમ બંગાળ રાજ્યમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વહીવટીતંત્ર સતત નજર રાખી રહ્યું છે. હિંસા અને તોફાન થવાની દહેશતથી કેન્દ્રીય ચૂંટણી પંચે, વિજયી ઉમેદવારોને વિજય સરઘસ કાઢવા સામે પ્રતિબંધ ફરમાવ્યો છે.



## કૂચ બિહારમાં ભાજપ–ટીએમસી સમર્થકો વચ્ચે અથડામણ, સુરક્ષા દળોનો લાઠીચાર્જ

### ચુરુલિયામાં TMC ઓફિસમાં આગ

આસનસોલના જામુડિયા વિસ્તારમાં અંતિમ ચૂંટણી પરિણામો આવે તે પહેલાં જ તણાવ વધી ગયો છે. જામુડિયાના ચુરુલિયા વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના પાર્ટી કાર્યાલયમાં આગ લગાડવાની ઘટના સામે આવી છે. ભાજપ પર આ આગજનીનો આરોપ લગાવવામાં આવ્યો છે.

### ઉત્તર 24 પરગણાના બેરકપુરમાં કાઉન્ટિંગ સેન્ટર પર ઘર્ષણ

ઉત્તર ૨૪ પરગણાના બેરકપુરમાં રાષ્ટ્રગુરુ સુરેન્દ્રનાથ મતગણતરી કેન્દ્ર પર TMC અને ભાજપ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. સુરક્ષાકર્મીઓ ઘટનાસ્થળે હાજર છે.

## બંગાળ ચૂંટણી : મીમની મસ્તીથી સોશિયલ મીડિયામાં માહોલ ગરમ


# મીમ વોર શરૂ

**મમતા બેનર્જી પર યુઝર્સે લીધી મજા**



























# શાહની ચાણક્ય 'ચાલ'; બંગાળની 'હવા' બદલાઈ



સિટી ન્યૂઝ@પશ્ચિમ બંગાળ

આજે ૪ મે ૨૦૨૬નો દિવસ ભારતીય રાજનીતિના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સવારથી જ જ્યારે પાંચ રાજ્યોની મતગણતરી શરૂ થઈ, ત્યારે સૌની નજર પશ્ચિમ બંગાળ પર ટકેલી હતી. સવારના ૮ વાગ્યાથી શરૂ થયેલી પ્રક્રિયામાં જે રીતે આંકડાઓ બદલાયા, તેણે સ્પષ્ટ કરી દીધું છે કે બંગાળની જનતાએ આ વખતે પરિવર્તનનો મિજાજ બનાવી લીધો હતો.છેલ્લા ૧૫ વર્ષથી એકહથ્થુ શાસન ભોગવતા મમતા બેનર્જી અને તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના હાથમાંથી સત્તા સરકી રહી છે.પશ્ચિમ બંગાળમાં સત્તા મેળવવા માટે કોઈ પણ પક્ષને ૧૪૮ બેઠકોના જાદુઈ આંકડાની જરૂર હોય છે. અત્યાર સુધીના વલણો મુજબ, ભારતીય જનતા પાર્ટી આ આંકડાને આરામથી પાર કરી ચૂકી છે. આ સફળતા ભાજપ માટે માત્ર એક ચૂંટણી જીત નથી, પરંતુ એક વૈચારિક વિજય છે.

દેશના મોટાભાગના રાજ્યોમાં સત્તા સ્થાપ્યા પછી પણ બંગાળ એક એવું રાજ્ય હતું જે ભાજપ માટે હંમેશા પડકારરૂપ રહ્યું હતું. ડાબેરીઓના ૩૪ વર્ષના શાસન અને ત્યારબાદ મમતા દીદીના ૧૫ વર્ષના શાસન પછી, બંગાળમાં પહેલીવાર ભગવો લહેરાવા જઈ રહ્યો છે.આ જીતના ખરા શિલ્પી તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉભરી આવ્યા છે. ૨૦૧૬ અને ૨૦૨૧ની ચૂંટણીઓમાં ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું હતું, પરંતુ ત્યારે મમતા બેનર્જી સામે તેમને સફળતા મળી નહોતી. જોકે, આ વખતે અમિત શાહે બંગાળને જ પોતાનું નિવાસસ્થાન બનાવી લીધું હતું. પ્રચારના દરેક તબક્કે તેમની હાજરી અને સચોટ રણનીતિએ કાર્યકરોમાં નવો ઉત્સાહ ફૂંક્યો હતો.તમને યાદ હશે કે ૨૪ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાન બાદ અમિત શાહે વિશ્વાસ સાથે ભવિષ્યવાણી કરી હતી કે ભાજપ આ વખતે ૧૭૦ બેઠકો સુધી પહોંચશે. જે સમયે વિરોધ પક્ષો આ નિવેદનને હસી કાઢતા હતા.




## શાહની ભવિષ્યવાણી

સિટી ન્યૂઝ@નવીદિલ્હી

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજના દિવસે ઐતહાસિક વળાંક આવ્યો છે. ૪ મે, ૨૦૨૬ ના રોજ બપોરે જેમ ઘડિયાળના કાંટા ૧૨.૩૦ કલાક પર પહોંચ્યા, ત્યારે સોશિયલ મીડિયા પર ગૃહમંત્રી અમિત શાહનો એક જુનો વીડિયો વાયુવેગે સોશિયલ મીડિયા પર દોડતો થઈ ગયો. આ વીડિયોમાં જોઈ શકાય છે કે, અમિત શાહે બહુ જ આત્મવિશ્વાસ સાથે બંગાળની ભવિષ્યવાણી કરી હતી. અમિત શાહે જે કહ્યું, તેવું જ બંગાળના રાજકારણમાં જોવા મળ્યું છે. બંગાળના રાજકીય દંગલમાં કમળ ખીલતા જ અમિતા શાહની ભવિષ્યવાણી ચર્ચામાં આવી ગઈ છે. જોકે, મતની ગણતરી હજી પૂરી નથી થઈ. હજી અડધાથી વધુ વોટની ગણતરી બાકી છે. ત્યારે ગેમે પલટાઈ પણ શકે છે. હકીકતમાં આ કિસ્સો, ૨૨ એપ્રિલ, ૨૦૨૬ નો છે. જયારે અમિત શાહે પશ્ચિમ બંગાળના દમદમમાં એક જનસભાને સંબોધન કર્યું હતું. તેઓએ મંચ પરથી જનસંબોધનમાં આજના દિવસની ભવિષ્યવાણી કરી હતી. તેઓએ કહ્યું હતું કે, ભાઈઓ-બહેનો, ૪ મેના રોજ સવારે કાઉન્ટિંગ ચાલુ થશે. ૮ વાગ્યે બેલેટ બોક્સ ખૂલવાની શરૂઆત થશે. ૯ વાગ્યે પહેલો રાઉન્ડ, ૧૦ વાગ્યે બીજો રાઉન્ડ, ૧ વાગ્યે કાઉન્ટિંગ પૂરું અને દીદી ટાટા ગુડબાય.

## અમિત શાહનું વજન વધ્યું


# પાંચ નેતાઓએ લખી ભાજપની જીતની કહાની

સિટી ન્યૂઝ@પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના ટ્રેન્ડમાં ભાજપને ભારે લીડ મળી છે. બંગાળમાં પ્રથમવાર સરકાર બનાવવાનું ભગવા પાર્ટીનું સપનું સાકાર થઈ રહ્યું છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર આવેલા ટ્રેન્ડ પ્રમાણે ભાજપે અત્યાર સુધી ૧૪૪ સીટો પર લીડ મેળવી છે, જ્યારે ટીએમસી ૭૬ સીટો પર આગળ જોવા મળી રહી છે. મમતા બેનર્જી સતત બાંગ્લા કાર્ડથી ચૂંટણી જીતવાનો પ્રયાસ કરી રહ્યાં હતા અને ૨૦૨૧મા તેઓ સફળ પણ થઈ ગયા હતા.પરંતુ આ વખતે સ્થિતિ એવી પલટાઈ ગઈ કે મમતાનો ગઢ ધરાશાયી થઈ ગયો છે.આ વચ્ચે બંગાળમાં ભાજપની જીતમાં સાયલન્ટ હીરો બનેલા નેતાઓની ખુબ ચર્ચા થઈ રહી છે. શુભેંદુ અધિકારી અને દિલીપ ઘોષ જેવા બંગાળ ભાજપના ઘણા નેતાઓએ ખુબ મહેનત કરી, પરંતુ રાજયમાં પાંચ બીજા એવા નેતા રહ્યાં, જેમણે જીતની જમીન તૈયાર કરી. આ નેતાઓમાં મોટા ભાગના એવા છે, જેને અમિત શાહના વિશ્વાસુ માનવામાં આવે છે. તેમાં પ્રથમ નામ રાજયના પ્રભારી મંગલ પાન્ડેયનું છે, સાથે અનેક રાજયોમાં ભાજપની જીતની રણનીતિ બનાવનાર ભૂપેન્દ્ર યાદવનું પણ મહત્વનું યોગદાન રહ્યું છે. તેઓ ચૂંટણીના પ્રભારી હતા. આ સિવાય સંગઠન મહામંત્રીના નાતે સુનીલ બંસલની તૈનાતી પણ બંગાળમાં હતી. તેઓ છેલ્લા કેટલાક મહિનાથી ત્યાં સમય પસાર કરી રહ્યાં હતા. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને ચૂંટણી મામલાના એક્સપર્ટ માનવામાં આવે છે. તેઓ અમિત શાહના વિશ્વાસુ છે અને સતત બંગાળમાં કેમ્પ કરી રહ્યાં હતા. તો સહ-પ્રભારી બિપ્લબ કુમાર દેવનું યોગદાન પણ મહત્વનું રહ્યું છે. તેઓ ઘણા સમયથી બંગાળમાં સક્રિય હતા.

### ઈતિહાસ બદલાયોઃ તમિલનાડુ, કેરળ, પુંડુચેરીના એક ચક્રિય શાસન તૂટ્યું

# 70 વર્ષમાં પહેલીવાર દેશમાંથી ડાબેરી શાસનનો યુગ સમાપ્ત




**સિટી ન્યૂઝ@કેરળ**

આજે કેરળમાં માર્કસવાદી સામ્યવાદી પક્ષના નેતૃત્વના એલડીએફ મોરચાનો પરાજય નિશ્ચિત થતા જ આ એક રાજયમાં ડાબેરી શાસન હતું તેનો પણ અંત આવ્યો છે અને દેશ ડાબેરી મુક્ત થઈ ગયુ છે.દક્ષિણના ત્રણ રાજયો તામિલનાડુ, કેરળ અને પુંડુચેરીના મુખ્યમંત્રી હાર ભણી
હાલમાં યોજાયેલી ચુંટણીમાં અનેક અપસેટ સર્જાઈ રહ્યા છે જેમાં દક્ષિણના રાજયોમાં સતાપલ્ટાની સાથે મુખ્યમંત્રીઓ પણ સલામત નથી તે નિશ્ચિત થયું છે.તામિલનાડુમાં મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીન તેમના ટીવીકેથી પાછળ છે.કેરળમાં કે.વિજયન તેમની પરંપરાગત બેઠકમાં કોંગ્રેસના ઉમેદવારથી પાછળ દોડી રહ્યા છે.
જયારે પુંડુચેરીમાં મુખ્યમંત્રી એન.રંગાસ્વામી પણ પરાજય ભણી છે.
દેશના ઉતરપુર્વના સૌથી મોટા રાજય આસામમાં ભાજપ હેટ્રીક ભણી છે. ૧૨૬ બેઠકોની ધારાસભા ચુંટણીમાં ભાજપ બે તૃતીયાંશ બહુમતી મેળવશે તેવા સંકેત છે. પક્ષ હાલ ૯૮ બેઠક પર આગળ છે. કોંગ્રેસ ૨૬ બેઠકો પર સરસાઈ ધરાવે છે અને મુખ્યમંત્રી હિંમત બિશ્વા સરમા તેની જલુકબારી બેઠક પર આગળ છે. રાજયમાં ૧૦ વર્ષથી ભાજપ સરકાર છે અને હવે ત્રીજી વખત તે ફરી સરકાર બનાવશે.



## કેરલમાં સત્તા પરિવર્તન 10 વર્ષ પછી કોંગ્રેસનું રાજ




**સિટી ન્યૂઝ@કેરળ**

દક્ષિણ ભારતના રાજકીય પ્રવેશદ્વાર સમાન કેરલમ રાજયની વિધાનસભા ચૂંટણીના પ્રારંભિક વલણોએ રાજકીય પંડિતોને ચોંકાવી દીધા છે. અત્યાર સુધી સામે આવેલા આંકડાઓ મુજબ, કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) સ્પષ્ટ બહુમતી તરફ આગળ વધી રહ્યું હોય તેમ જણાય છે. જયારે મુખ્યમંત્રી પિનારાઈ વિજયનના નેતૃત્વ હેઠળના સત્તારૂઢ લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) ને મોટો આંચકો લાગ્યો છે. આ વખતે ચૂંટણીમાં પરંપરાગત મુદ્દાઓ કરતા વ્યૂહાત્મક ફેરફારો અને વૈશ્વિક સંકટોએ મતદારોના મન બદલવામાં મોટી ભૂમિકા ભજવી છે.

- **ઉમેદવારોમાં ફેરફારઃ UDFનો નવસર્જન પ્રયોગ**
- **દરિયાકાંઠાના પટ્ટામાં માછીમારોનો રોષ**
- **સ્થળાંતરિત મતદારોની ગેરહાજરીનું ગણિત**
- **ઈંધણ અને ગેસ સંકટની સીધી અસર**
- **રાષ્ટ્રપ્રમુખ શાસન પદ્ધતિ–NDAની વ્યૂહરચના**

### શું કેરલમ ફરી ઈતિહાસ દોહરાવશે?

કેરલમમાં દર પાંચ વર્ષે સત્તા પરિવર્તનનો ઈતિહાસ રહ્યો છે, જે ગત ચૂંટણીમાં ડાબેરીઓએ તોડ્યો હતો. પરંતુ આ વખતના વલણો સૂચવે છે કે, જનતા ફરીથી પરિવર્તનના પક્ષમાં છે. પ્રારંભિક રાઉન્ડની મતગણતરી મુજબ UDF ની લીડ સતત વધી રહી છે. જો આ વલણો પરિણામોમાં ફેરવાય છે, તો તે કોંગ્રેસ માટે રાષ્ટ્રીય સ્તરે સંજીવની સમાન સાબિત થશે. બીજી તરફ, સત્તાધારી LDF માટે આ આત્મમંથનનો સમય છે.



### TVG પાર્ટી પ્રથમવાર ચૂંટણી લડી અને સત્તા હાંસલ કરી


# તમિલનાડુનો અસલી હિરો વિજય

## 234 બેઠકોમાંથી બહુમતી માટે 18 બેઠકો જોઈ, TVGના ખાતામાં 110 બેઠકો જીતી 8 બેઠકો માટે લડાઈ ચાલુ થશે

**સિટી ન્યૂઝ@તમિલનાડુ**

આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી વિધાનસભા બેઠકો પર મત ગણતરી ચાલુ છે. તાજા વલણો મુજબ, તમિલનાડુમાં મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. ૨ વર્ષ જૂની એક્ટર વિજયની પાર્ટી TVK નંબર વન બની ગઈ છે. TVK ૧૦૭ બેઠકો પર આગળ ચાલી રહી છે.વર્તમાન વલણો જો પરિણામમાં બદલાય તો TVK ને સરકાર બનાવવા માટે ઓછામાં ઓછા ૧૦ ધારાસભ્યોની જરૂર પડશે. અભિનેતા વિજયના પિતા ચંદ્રશેખરે કહ્યું છે કે વિજય કોંગ્રેસ સાથે ગઠબંધન કરી શકે છે. બીજી તરફ, કેરળમાં ૧૦ વર્ષ પછી UDF સરકારની વાપસી થઈ રહી છે. કોંગ્રેસ ૪૦ બેઠકો પર આગળ ચાલી રહી છે, જ્યારે ૨૪ બેઠકો પર જીત મેળવી ચૂકી છે.

તમિલનાડુમાં સત્તાધારી DMK ત્રીજા નંબરે ખસકીઃ ૫ બેઠકો પર પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ુખ્યમંત્રી સ્ટાલિન તેમની કોલાથુર બેઠક પરથી પાછળ છે.



TVKના ચીફ વિજયના ઘરે માતા-પિતા સહિત પરિવારના સભ્યોએ સીટી વગાડીને ઉજવણી કરી.કોયંબતૂરમાં પાર્ટીના કાર્યકર્તાઓએ TVK ના પ્રતીક લાલ-પીળા ગમછા લહેરાવીને ઉજવણી કરી.ચેન્નઈમાં TVK પાર્ટી ઓફિસની બહાર કાર્યકર્તાઓ એકબીજાને મીઠાઈ ખવડાવીને જશ્ન મનાવતા જોવા મળ્યા.

તમિલનાડુ ચૂંટણીમાં TVK એ જીતનું ખાતું ખોલી લીધું છે. તંજાવુર બેઠક પર આર વિજયસરવાનન જીતી ગયા છે. તેમણે ૧૬૯૫૫ મતોથી જીત નોંધાવી છે. વિજયની પાર્ટી TVK ૧૦૬ બેઠકો પર આગળ, ૫૫ બેઠકો પર બીજા નંબરે બપોરે ૨.૩૫ વાગ્યા સુધીના આંકડા મુજબ, અભિનેતા-રાજકારણી વિજયની TVK ૧૦૬ બેઠકો પર આગળ ચાલી રહી છે, જ્યારે ૫૫ બેઠકો પર તે બીજા નંબરે છે.

એક્ટ્રેસ તૃષા કૃષ્ણન વિજયના ઘરેથી રવાના થઈ ગયા છે. તેઓ અંદાજે સવા કલાક સુધી વિજયના પરિવાર સાથે રહ્યા હતા. જોકે, વિજય હજુ પણ ક્યાંય જોવા મળ્યા નથી, તેમજ સોશિયલ મીડિયા પર પણ તેમના કોઈ ફોટો કે વીડિયો અપડેટ થયા નથી.થલાપતિ વિજયના પિતા એસ. ચંદ્રશેખરે જણાવ્યું છે કે વિજય કોંગ્રેસ સાથે ગઠબંધન કરી શકે છે. તેમણે ઉમેર્યું કે અત્યાર સુધી કોંગ્રેસે ખોટી પાર્ટી સાથે ગઠબંધન કર્યું હતું. અમે કોંગ્રેસ સાથે સત્તા વહેંચવા માટે તૈયાર છીએ.એસએ ચંદ્રશેખર તેમના પુત્ર વિજયની ચૂંટણી જીત માટે પ્રાર્થના કરવા તિરુત્તની મુરુગન મંદિરે ગયા. ૭૦ થી વધુ ફિલ્મોના અનુભવી ફિલ્મ નિર્માતા, SAC એ વિજયની કારકિર્દી શરૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને તેમની રાજકીય યાત્રાના પ્રખર સમર્થક રહ્યા હતા.ચેન્નાઈની લોયોલા કોલેજમાં બનાવવામાં આવેલા કાઉન્ટિંગ સેન્ટર પર સુરક્ષાની સખત વ્યવસ્થા કરવામાં આવી છે. આજે અનેક મહત્વની વિધાનસભા બેઠકોના મતોની ગણતરી કરવામાં આવશે. તમિલનાડુના ચેન્નાઈમાં DMK મુખ્યાલયની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આજે તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો આવવાના છે.

## ધો.12નું રિઝલ્ટ જાહેરઃ સામાન્ય પ્રવાહનું 92.71% સાયન્સનું 84.33% રિઝલ્ટ




# બોર્ડના રિઝલ્ટમાં ગર્લ્સનું રાજ



તસવીરઃ મેહુલ ચૌહાણ







## રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતી વેશ્વી ગુપ્તાએ ધો.12માં 99.96 પરસેન્ટાઈલ મેળવ્યાઃ ગરબા રમી કરી ઉજવણી

### ડબલ ધમાકો; બોર્ડ સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેરઃ મોરબી જિલ્લો પ્રથમ ક્રમે, દાહોદ જિલ્લો અંતિમ ક્રમે

સિટી ન્યૂઝ@રાજકોટ

ધો-૧૨ સાયન્સનું ૮૪.૩૩% અને સામાન્ય પ્રવાહનું ૯૨.૭૧% રિઝલ્ટ જાહેર થયું હતું. ૨૦૨૬ની પરીક્ષામાં ધોરણ ૧૨ સાયન્સના ૧,૧૯,૨૬૩ અને સામાન્ય પ્રવાહના ૫,૦૧,૨૮૬ એમ કુલ ૬.૨૦ લાખ પરીક્ષાર્થી હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષા રાજ્યના કુલ ૧૫૬ કેન્દ્રો પર યોજાઈ હતી.ધોરણ ૧૨ સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું હતું.

૧ લાખ ૩૨ હજાર પૈકી ૯૯ પર્સેન્ટાઈલ સાથે ૧૪૫૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. A ગ્રુપમાં ૬૯૫ વિદ્યાર્થી, B ગ્રુપમાં ૭૬૪ વિદ્યાર્થી અને ૯૮ પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ ૧૨૩૩ અને B ગ્રુપમાં ૧૫૬૩ વિદ્યાર્થી પાસ થયા હતા.૧૨ સાયન્સના ૪ મુખ્ય વિષયમાં સૌથી વધુ પરિણામ મેથ્સનું ૯૨.૭૬ ટકા આવ્યું છે. જ્યારે ૮૮.૯૧ ટકા સાથે બાયોલોજી બીજા નંબરે તો ૮૫.૯૪ ટકા સાથે કેમિસ્ટ્રી ત્રીજા અને ૮૫.૨૭ ટકા પરિણામ સાથે ફિઝિક્સ ચોથા ક્રમે છે.

ધોરણ ૧૨ કોમર્સના મુખ્ય ચાર વિષયમાં સૌથી વધુ અર્થશાસ્ત્રનું ૯૮.૨૪ ટકા, વાણિજ્ય વ્યવસ્થા ૯૭.૧૦ ટકા રિઝલ્ટ સાથે બીજા નંબર પર છે. ૯૫.૩૨ ટકા રિઝલ્ટ સાથે એકાઉન્ટ ત્રીજા અને ૯૩.૪૦ ટકા પરિણામ સાથે આંકડાશાસ્ત્ર ચોથા ક્રમે છે. રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતી વૈશ્વી ગુપ્તાએ ધોરણ ૧૨માં ૯૯.૯૬ પરસેન્ટાઈલ મેળવ્યા છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેણીએ જણાવ્યું હતું કે, મારી આ સફળતાનો શ્રેય હું મારા માતા પિતા અને શાળાનાં શિક્ષકોને આપું છું. તેમની મદદથી જ મને આ સફળતા મળી છે. મેં ધોરણ ૧૨ની શરૂઆતથી જ ખૂબ મહેનત કરી હતી અને સતત મહેનતને કારણે જ આ સિદ્ધિ હાંસિલ કરી છે. સતત અને નિયમિત મહેનતે સફળતાનું રહસ્ય હોવાનું પણ તેણીએ કહ્યું હતું. આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ એક સાથે જાહેર કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧% જેટલું વધીને ૯૩.૩૬% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષ જેટલું જ એટલે કે ૯૩.૬૯% જાહેર કરવામાં આવ્યું છે.




**વિવાદમાં વિસ્ફોટ** સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામીના નિવેદનથી હોબાળો

# ગણપતિ ઘનશ્યામ મહારાજ માસિયાઈ ભાઈ નિવેદનથી ધર્મજગતમાં તોફાન

## ઈન્દ્રભારતી બાપુએ કહ્યું, પાયાવિહોણી વાતો અને શાસ્ત્ર વિરૂધ્ધ ગણાવ્યું; આ લોકોમાં બુધ્ધિ છે કે નહીં?



**સિટી ન્યૂઝ@રાજકોટ**

સ્વામિનારાયણ સંપ્રદાયના એક સ્વામીના વાયરલ થઈ રહેલા વીડિયોને લઈ વધુ એક વિવાદ સર્જાયો છે. ગણપતિ અને ઘનશ્યામ મહારાજ માસિયાઈ ભાઈ હોવાનો દાવો કરતા જૂનાગઢના રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુએ નારાજગી વ્યકત કરી છે. તેમણે કહ્યું કે, ઘનશ્યામ મહારાજ ૨૦૦ વર્ષથી છે જ્યારે ગણપતિ તો અનાદિકાળથી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના એક સ્વામીનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે કહી રહ્યા છે કે, દક્ષ પ્રજાપતિની ૧૩ દીકરીઓના લગ્ન ધર્મદેવ સાથે થયા હતા અને એક પુત્રીના લગ્ન ભગવાન ભોળાનાથ સાથે થયા હતા. આ તર્કના આધારે તેમણે દાવો કર્યો કે, ભક્તિ દેવી અને માતા ભવાની સગી બહેનો થાય. જો તેઓ સગી બહેનો હોય તો તેમના સંતાનો એટલે કે ગણપતિ મહારાજ અને ઘનશ્યામ મહારાજ બંને સગા માસિયાઈ ભાઈઓ ગણાય.

આ નિવેદનની જાણ થતા જ જૂનાગઢના ભવનાથ ક્ષેત્રના અગ્રણી સંત અને રુદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુએ આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. તેમણે સ્વામિનારાયણ સંતની બુદ્ધિ પર સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે આ પ્રકારના નિવેદનો પાયાવિહોણા અને શાસ્ત્ર વિરુદ્ધના છે.

ઈન્દ્રભારતીએ રોષ વ્યક્ત કરતા કહ્યું કે, ભગવાન ગણપતિ તો અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવે છે. જ્યારે ભગવાન ભોળાનાથના લગ્ન થયા ત્યારે પણ ગણપતિજી ત્યાં હાજર હતા, તેવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. બીજી તરફ ઘનશ્યામ મહારાજ એટલે કે સ્વામિનારાયણ ભગવાનના પ્રાદુર્ભાવને હજુ માંડ ૨૦૦-૨૫૦ વર્ષ જેટલો સમય થયો છે. આવી સ્થિતિમાં અનાદિ દેવને અર્વાચીન સમયના સંત સાથે માસિયાઈ ભાઈ તરીકે સરખાવવા તે અજ્ઞાનતાની પરાકાષ્ઠા છે.

ઈન્દ્રભારતી બાપુએ વધુમાં ઉમેર્યું કે આવા લોકો ક્યાંથી આવા તર્ક શોધી લાવે છે તે સમજવું મુશ્કેલ છે. તેમણે અત્યંત આક્રોશ સાથે કહ્યું કે આવા પાયાવિહોણા નિવેદનો સાંભળીને મર્યાદા ભૂલી જવાય તેવી સ્થિતિ પેદા થાય છે. સનાતન ધર્મના મૂળભૂત પાયા અને દેવી-દેવતાઓના સ્વરૂપ સાથે છેડછાડ કરવી એ અક્ષમ્ય અપરાધ સમાન છે. હાલમાં આ મુદ્દો સમગ્ર ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને સોશિયલ મીડિયા પર લોકો સ્વામિનારાયણ સંપ્રદાયના તે સંત પાસે માફીની માંગ કરી રહ્યા છે. સાધુ સમાજમાં એવી પણ ચર્ચા છે કે જો સમયાંતરે આવા નિવેદનો અટકાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સનાતન ધર્મના સંતો દ્વારા ઉગ્ર આંદોલન અથવા કાયદાકીય પગલાં પણ લેવામાં આવી શકે છે.

### રાજકોટ બસપોર્ટ નજીક દવાનો મોટા જથ્થાનો ગેરકાયદે સંગ્રહ ?

# રાજકોટમાં દવા કૌભાંડ

## એક લાયસન્સમાં 6-7 દુકાનો ચાલુ?


AI IMAGE

## રાજકોટ બસપોર્ટ નજીક દવાનો મોટા જથ્થાનો ગેરકાયદે સંગ્રહ? : એક લાયસન્સ પર 6-7 દુકાનોમાં ચાલતું ગેરકાયદે વેચાણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના બસપોર્ટ જેવા અત્યંત વ્યસ્ત વિસ્તારમાં દવાની ગેરકાયદે સાચવણી અને વેચાણનું એક મોટું કૌભાંડ સામે આવાની શક્યતા છે, જેનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. લોકમુખે ચર્ચાતી વિગતો અનુસાર, એક ચોક્કસ સિન્ડિકેટ દ્વારા આખું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હતું. સંચાલકો પાસે માત્ર એક જ દુકાનનું કાયદેસરનું ડ્રગ લાયસન્સ છે. પરંતુ, આ એક લાયસન્સની આડમાં, તેની આસપાસની અન્ય ૬ થી ૭ દુકાનોમાં દવાનો અધધ જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહિત કરવામાં આવ્યો હતો. આ અન્ય દુકાનો પાસે દવા રાખવા કે વેચવા માટેની કોઈ પણ પ્રકારની મંજૂરી નહોતી. અહીંથી જ દવાનું છૂટક અને જથ્થાબંધ વેચાણ પણ ચાલી રહ્યું હોવાનું મનાય છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જે કંપનીનો દવાનો જથ્થો અહીં રાખવામાં આવ્યો હતો, તે કંપની મુખ્યત્વે અમદાવાદના ચાંગોદર ખાતે સ્થિત છે. આ કંપની અમદાવાદ ખાતે દવાના ઉત્પાદન અને વેચાણનું લાયસન્સ ધરાવે છે. નિયમોનુસાર, જો કંપની અન્ય શહેરમાં સ્ટોક રાખવા ઈચ્છે, તો તેને તે શહેરના 'ખોરાક અને ઔષધ નિયમન તંત્ર' (FDCA) માંથી 'ગોડાઉન' કે 'ડેપો' માટેનું અલગ લાયસન્સ મેળવવું ફરજિયાત છે. જોકે, આ કિસ્સામાં ચાંગોદર સ્થિત કંપનીનો સ્ટોક રાજકોટની આવી બિનસત્તાવાર અને ગેરકાયદે જગ્યા પર રાખવામાં આવ્યો હોવાની આશંકા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દવાનો આ ગેરકાયદેસર સ્ટોક ભલે અમદાવાદની કંપનીનો હોય, પરંતુ તેનું બિલિંગ રાજકોટની આ લાયસન્સ વગરની દુકાનોમાંથી જ થઈ રહ્યાનું માનવામાં આવી રહ્યું છે. આનો અર્થ એ થયો કે, તંત્રની આંખમાં ધૂળ નાખીને આ મોટો આર્થિક વ્યવહાર ચાલી રહ્યો હતો.

તાજેતરમાં જ, સંબધિત વિભાગ દ્વારા આ સ્થળો પર અચાનક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ બાદ ભીનું સંકેલવા માટે, કંપનીના સંચાલકો દ્વારા રાજકોટ ખોરાક અને ઔષધ નિયમન તંત્રને જે તે કંપનીના નામે નવા લાયસન્સ માટે અરજી કરવામાં આવી હોવાનું પણ મનાય રહ્યું છે. તંત્ર દ્વારા હાલ આ અરજીની પ્રક્રિયા અને અગાઉના ગેરકાયદે સ્ટોકની તપાસ ચાલી રહી છે.

જાહેર આરોગ્ય સાથે ચેડા કરતા આવા લેભાગુ સંચાલકો વિરુદ્ધ આગામી દિવસોમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રમાં કડક ફરિયાદ થાય તો નવાઈ નહીં. દવાનો ગેરકાયદે જથ્થો જપ્ત કરવાથી માંડીને, લાયસન્સ રદ કરવા અને ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે ફોજદારી કાર્યવાહી પણ થઈ શકે છે.

**એક લાયસન્સની આડમાં, કેટલાં કૌભાંડ તમે કરશો ?**

**નફાની લાલચમાં, માનવતા ક્યાં સુધી તમે વેરશો?**

**ચાંગોદરથી ચાલે છે ખેલ, ને રાજકોટમાં થાય છે બિલિંગ**

**તંત્રની નજરમાંથી ક્યાં સુધી તમે બચશો, જો જાહેર થશે સીલિંગ?**

**ખાતાની તપાસ આવતા જ, નવા લાયસન્સ માટે દોડ્યા**

**આવા લેભાગુ સંચાલકો, હવે તંત્ર સામે ક્યાં સુધી ટકશો?**

# સ્વ. મધુબેન શુક્લની પ્રાર્થનાસભામાં અગ્રણીઓની ભાવભીની શ્રદ્ધાંજલિ



### » નૂતનનગર હોલ ખાતે યોજાયેલ સભામાં અનેક મહાનુભાવોની ઉપસ્થિતિ

### » 100 થી વધુ રાજકીય–સામાજિક આગેવાનોએ શુક્લ પરિવારને સાંત્વના પાઠવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં રાજ્યસભાના પૂર્વ સાંસદ અને ભાજપના પીઢ અગ્રણી સ્વ. ચીમનભાઈ શુક્લના ધર્મપત્ની સ્વ. મધુબેન શુક્લના અવસાન બાદ નૂતનનગર હોલ ખાતે ૧ ભાવભીની પ્રાર્થનાસભા યોજાઈ હતી. આ સભામાં શુક્લ પરિવારના કૌશિકભાઈ, કશ્યપભાઈ, નેહલભાઈ અને કાશ્મીરાબેન નથવાણીને સાંત્વના આપવા મોટી સંખ્યામાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના આગેવાનો ઉમટી પડ્યા હતા.

પ્રાર્થનાસભામાં વિવિધ પક્ષના દિગ્ગજ નેતાઓએ સ્વ. મધુબેનને શ્રદ્ધાંજલિ અર્પી હતી. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જનસંઘના સમયથી શુક્લ પરિવાર સાથેના જૂના નાતાને યાદ કર્યો હતો. પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાએ ચીમનભાઈની રાજકીય સફળતામાં મધુબેનના સિંહફાળાને બિરદાવ્યો હતો. સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ પોતાની શરૂઆતની કારકિર્દીના દિવસોમાં મધુબેનના હાથના ભોજન જમ્યા હોવાની ભાવુક સ્મૃતિ તાજી કરી તેમને યાદ કર્યા હતા. આ ઉપરાંત પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધ દવેએ તેમને વાત્સલ્યની મૂર્તિ ગણાવ્યા હતા. રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાએ જણાવ્યું કે મધુબેન વર્ષો સુધી તેમના પિતા મનોહરસિંહજી જાડેજાને રાખડી બાંધીને તંદુરસ્ત લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા હતા. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર અને સાંસદ દેવુસિંહ ચૌહાણ સહિતના અનેક નેતાઓએ ટેલિફોનિક સાંત્વના પાઠવી હતી. પ્રાર્થનાસભામાં ૧૦૦ થી વધુ ધારાસભ્યો, પૂર્વ મંત્રીઓ, કોર્પોરેટરો અને વિવિધ સંસ્થાઓના આગેવાનોએ હાજર રહીને દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.





- **વર્ષો જૂનો શુક્લ પરિવાર સાથેનો નાતો અને સ્વ. મધુબેનનો આવકાર હંમેશા યાદ રહેશે : શંકરસિંહજી વાઘેલા**
- **સ્વ. ચીમનભાઈ શુક્લની રાજકીય પ્રગતિમાં સ્વ. મધુબેનનો સિંહફાળો રહ્યો છે : વજુભાઈ વાળા**
- **વર્ષો પહેલા કોઈ સગવડતા ન હતી ત્યારે સ્વ.મધુકાકીના હાથના રોટલા ખાઈ જાહેર જીવન ક્ષેત્રે અનેક લોકો આગળ વધ્યા છે : પરસોતમભાઈ રૂપાલા**
- **પ્રત્યેક સંતાનોની પ્રગતિમાં માતાનું યોગદાન મહત્વનું હોય છે, મધુકાકી વાત્સલ્યની મૂર્તિ હતા : અનિરુદ્ધ દવે**
- **મધુબેન એ વર્ષો સુધી મનોહરસિંહજી જાડેજાને રાખડી બાંધી તંદુરસ્ત લોકશાહીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે : માંધાતાસિંહજી જાડેજા**











સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

# બેસણું / પાગડીયું



## સ્વ. રજનીબેન ધનરાજભાઈ જેઠાણી (ઉ.73)

ધનરાજ વાધુમલ જેઠાણીનાં પત્ની અને ચંદ્રેશ જેઠાણી, અનિલ જેઠાણી, પૂનમ સપરા અને સુનિતા ગુરનાણીના માતૃશ્રી તા. 2 મે, 2026 ના રોજ શાશ્વત શાંતિમાં લીન થઇ પરમ કૃપાળુ પરમાત્માના પાવન ચરણોમાં ચિરવિશ્રામે વિલિન થયા છે.

**સદ્દગતનું બેસણું**
મંગળવાર, 5 મે 2026 ના રોજ સાંજે 5:00 થી 6:30 અને પાગડીયું સાંજે 6:30 કલાકે જનકલ્યાણ હોલ, અમીન માર્ગના ફાટક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે

**ધનરાજ વાધુમલ જેઠાણી**

- ચંદ્રેશ ધનરાજ જેઠાણી
- અનિલ ધનરાજ જેઠાણી
- પૂનમ વિજય સપરા
- સુનીતા સુધીર ગુરનાણી
- વંશિકા ચંદ્રેશ જેઠાણી
- યાના અનિલ જેઠાણી
- વિજય હરીશ સપરા
- સુધીર જગદીશ ગુરનાણી

**જેઠાણી પરિવાર તેમજ**

દેશ-પરદેશની આજકાલ
Dhanraj Group

# રાજકોટમાં હીટવેવ વચ્ચે મચ્છરોનો આતંક

## 1 સપ્તાહમાં શરદી, તાવ અને ઝાડા-ઉલટીના 1886 કેસ નોંધાયા

» મનપા દ્વારા 44,111 ઘરોમાં પોરાનાશક કામગીરી, 314 આસામીઓને નોટિસ

» ડેન્ગ્યુ 1, ચીકનગુનીયાનો 1, ટાઈફોડનો 1 અને કમળાના બે કેસ નોંધાયા : પાણીના 1058 ક્લોરીન ટેસ્ટ કરાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ૪૦ થી ૪૪ ડિગ્રી તાપમાનથી બચવા ઘરમાં આરામ ફરમાવતા લોકોને હવે મચ્છર ડંખી રહ્યા છે અને સીધા સિવિલ હોસ્પિટલના બિછાને પહોંચાડી રહ્યા છે. એક તરફ કાળઝાળ ગરમી અને બીજી તરફ મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચકતા આરોગ્ય કેન્દ્રો દર્દીઓથી હાઉસફુલ જોવા મળી રહ્યા છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ, ગત ૨૭ એપ્રિલ ૨૦૨૬ થી ૩ મે ૨૦૨૬ સુધીમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાના કારણે શરદી-ઉધરસના ૭૪૯ કેસ, તાવના ૭૧૧ કેસ અને ઝાડા-ઉલટીના ૪૨૩ કેસ નોંધાયા છે. જ્યારે ટાઈફોડનો ૧ અને કમળાના ૨ કેસ નોંધાયા છે. ગંભીર મચ્છરજન્ય રોગોમાં ડેન્ગ્યુનો ૧ અને ચિકનગુનિયાનો ૧ કેસ પણ સામે આવ્યો છે. રોગચાળાને કાબૂમાં લેવા પાણીજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરૂપે તંત્ર દ્વારા કુલ ૧૦૫૮ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના સત્તાવાર ચોપડે અત્યાર સુધીમાં શરદી-ઉધરસના ૧૪૫૮૪, સામાન્ય તાવના ૧૨૩૭૩ અને ઝાડા-ઉલટીના ૪૨૩૯ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ ઉપરાંત ટાઈફોડના ૯ અને કમળાના ૨૦ કેસ સામે આવ્યા છે. મચ્છરજન્ય રોગચાળાની વાત કરીએ તો અત્યાર સુધીમાં મલેરિયાના ૨, ડેન્ગ્યુના ૧૩ અને ચિકનગુનિયાનો ૧ કેસ નોંધાયો છે.મનપાના આરોગ્ય તંત્ર દ્વારા રોગચાળાને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ છેલ્લા એક સપ્તાહમાં ૪૪૧૧૧ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે તથા ફિલ્ડ વર્કરો દ્વારા ૨૦૩ ઘરોમાં ફોગિંગની કામગીરી પણ સઘન રીતે કરવામાં આવી છે. ૮૨૩ બાંધકામ સાઈટો તથા ધાર્મિક સ્થળોની ચકાસણી દરમિયાન મચ્છર ઉત્પત્તિ સબબ ૨૮૦ રહેણાંક મકાનો અને ૩૪ કોમર્શિયલ આસામીઓને નોટિસ ફટકારવામાં આવી છે.





### ૧ મહિના સુધી આચારસંહિતાના નામે મનપાએ આંકડા છુપાવ્યા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને આચારસંહિતા અમલવારીના ઓઠા હેઠળ રાજકોટ મહાનગરપાલિકાના પી.આર.ઓ. વિભાગ દ્વારા ૧ મહિના સુધી રોગચાળાના આંકડા છુપાવવામાં આવ્યા હતા. મનપાના રાકેશ શીલુએ સરકારી પરિપત્ર આવ્યો હોવાનું કહીને ફૂડ શાખા, ટેક્સ શાખા અને આવાસ શાખા સહિતના વિભાગોની કામગીરીની માહિતી છુપાવી હતી. જો કે, આવો કોઈ લેખિત પરિપત્ર ક્યાંય પણ નોટિસ બોર્ડ પર મારવામાં આવ્યો ન હતો. આ અંગે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ઔપચારિક માહિતી આપી હોવાનું કહી વાત બંધ કરી દીધી હતી. શાસક પક્ષની મતપેટીને નુકસાન ન પહોંચે તે માટે પત્રકારોને માહિતીથી અવગત ન રખાયાના પ્રયાસો થયા હોવાની સ્ટાફમાં કાનફાડી નાખે તેવી ચર્ચાઓ થઈ રહી છે.

# વર્ષ 1993 ગોસાબારા હથિયાર લેન્ડિંગ કેસ દાઉદ ઈબ્રાહીમ ગેંગના 12 સાગ્રીતો દોષિત

સિટી ન્યૂઝ@જામનગર

બાબરી ધ્વંશનો બદલો લેવા જામનગરના ગોસાબારા બંદર પર હથિયારો અને વિસ્ફોટકો સપ્લાય કરવાના ૩૩ વર્ષ જૂના ચકચારી કેસમાં સ્પેશિયલ ટાડા કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અદાલતે દાઉદ ઈબ્રાહીમ ગેંગના ૧૨ આરોપીઓને દોષિત ઠેરવ્યા છે, જ્યારે ૧૭ ને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યા છે.

ડિસેમ્બર ૧૯૯૨ માં દેશમાં અરાજકતા ફેલાવવા દાઉદ ઈબ્રાહિમ અને મુસ્તફા ડોસા ગેંગ દ્વારા દરિયાઈ માર્ગે 'સદા અલ બહાર' બોટ મારફતે AK-૪૭ રાઈફલ, હેન્ડ ગ્રેનેડ અને RDX નો મોટો જથ્થો જામનગરના બેડી અને ગોસાબારા બંદર પર ઉતારાયો હતો. આ હથિયારો ગુજરાતથી લઈને ઉત્તર પ્રદેશ સુધી સપ્લાય કરાયા હતા.

૧૯૯૩ થી ૨૦૧૮ સુધી ચાલેલી તપાસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર તુષાર ગોકાણીએ માત્ર ૪ વર્ષની ટ્રાયલમાં ૬૩ સાક્ષીઓ તપાસીને કેસ સફળતાપૂર્વક પુરવાર કર્યો હતો. આ કેસના કુલ ૪૬ આરોપીઓમાંથી ૧૧ ના મોત નિપજ્યા છે, જ્યારે દાઉદ ઈબ્રાહિમ અને ટાઈગર મેમણ સહિત ૧૫ હજુ પણ ફરાર છે. કોર્ટે જે ૧૨ શખ્સોને દોષિત ઠેરવ્યા છે તેમાં ઓસ્માણ કોરેજા, મામદ અલીમામદ, હારૂન સંઘાર અને આરીફ લંબુ સહિતના સાગરીતોનો સમાવેશ થાય છે.

ડેઝીગ્નેટેડ જજ આર. પી. મોગેરાના આ ચુકાદાથી ૩૩ વર્ષ લાંબી કાનૂની લડત બાદ ન્યાય મળ્યો છે. હાલ કોર્ટમાં સજાના આદેશ અંગે દલીલો ચાલી રહી છે.

## દ્વારકાના દરિયામાં ચમત્કાર : ચોંકાવનારા પૂરાવા મળ્યા


# દ્વારકામાં વર્ષ જૂના પૂરાવા

# વિદેશી સિક્કા-કિંમતી અવશેષો મળ્યા














**સિટી ન્યૂઝ@બેટ દ્વારકા**

પુરાતત્વ સર્વેક્ષણ વિભાગની અન્ડરવોટર આર્કિયોલોજી વિંગ દ્વારા ગુજરાતના ઓખા મંડળ સ્થિત બેટ દ્વારકાના દરિયામાં હાથ ધરાયેલા ઐતિહાસિક ઉત્ખનનમાં ચોંકાવનારા અને ગૌરવશાળી પુરાવા મળી આવ્યા છે.

અંદાજે ૨૫૦૦ વર્ષ જૂના આ અવશેષો સાબિત કરે છે કે, પ્રાચીન દ્વારકા માત્ર એક ધાર્મિક નગરી જ નહીં પરંતુ, રોમન સામ્રાજ્ય અને અન્ય વિદેશી રાષ્ટ્રો સાથે જોડાયેલું એક સમૃદ્ધ આંતરરાષ્ટ્રીય વેપારી કેન્દ્ર (ટ્રેડ હબ) હતું.

ASIના ડાયરેક્ટર જનરલ આલોક ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, દરિયાકાંઠે ૫x૫ સ્ક્વેર મીટરની અંદાજે ૨૦ જેટલી ટ્રેન્ચ (ખાઈ)માં ખોદકામ કરવામાં આવ્યું છે. આ સંશોધન દરમિયાન નીચે મુજબના મહત્વના અવશેષો મળ્યા છે.

રોમન કનેક્શનઃ કિંમતી રોમન ઈન્ટેગ્લિયો, રોમન સિક્કાઓની છાપ અને પ્રવાહી ભરવા માટેના ખાસ પાત્રો જેને ‘એમ્ફોરા’ કહેવામાં આવે છે, તે મળી આવ્યા છે.

વિદેશી વાસણોઃ ટોરપીડો જાર અને વિદેશી બનાવટના માટીના વાસણોના ટુકડા (પોટશર્ડ્સ) પ્રાપ્ત થયા છે.

અન્ય વસ્તુઓઃ કાચના મણકા, શંખની બંગડીઓ, લોખંડની વસ્તુઓ અને પથ્થરના લંગર (સ્ટોન એન્કર્સ) પણ મળી આવ્યા છે.

દેશમાં પ્રથમવાર ૫ અન્ડરવોટર આર્કિયોલોજિસ્ટની વિશેષ વિંગ ૨૦ મીટરની ઊંડાઈએ કામ કરી રહી છે. દેશમાં પ્રથમવાર ૫ અન્ડરવોટર આર્કિયોલોજિસ્ટની વિશેષ વિંગ ૨૦ મીટરની ઊંડાઈએ કામ કરી રહી છે.

### બેટ દ્વારકા દરિયાના પેટાળમાંથી શું મળ્યું

| શ્રેણી | મળેલી વસ્તુઓ |
|---|---|
| રોમન જોડાણ | રોમન એમ્ફોરા (પ્રવાહી ભરવા માટેના વિશિષ્ટ પાત્રો) રોમન સિક્કા અને કિંમતી રોમન ઈન્ટેગ્લિયો |
| વિદેશી વ્યાપાર | ટોરપીડો જાર (લાંબા નળાકાર પાત્રો) વિદેશી પોટશર્ડ્સ (માટીના વાસણોના ટુકડા) |
| પ્રાચીન ઉદ્યોગ | કાચના મણકા (બીડ મેકિંગ) શંખની બંગડીઓ અને લોખંડ-તાંબાના અવશેષો |
| સમુદ્રી માર્ગ | પથ્થરના લંગર (સ્ટોન એન્કર્સ) |

## આસ્થા પર ઠગાઈનો ખેલ: 'રાજા મેલડી' બની લોકોને લૂંટતો ભૂવો પકડાયો

# ઈન્સ્ટાગ્રામનો 'રાજા મેલડી' નીકળ્યો નકલી 'ભૂવો'

## વિજ્ઞાન જાથાની કાર્યવાહી: માતાજીનો ડર બતાવી દારૂ-મોંઘી વસ્તુઓ વસૂલતો રાજા મેલડી બેનકાબ



**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરા જિલ્લાના પાદરા સ્ટેશન વિસ્તારમાં માતાજીના નામે ભોળી જનતાને લૂંટતા એક પાખંડી ભૂવાનો વિજ્ઞાન જાથા(અંધશ્રદ્ધા અને કુરિવાજોનો પર્દાફાશ કરતી NGO સંસ્થા)એ પર્દાફાશ કર્યો છે. સંતાન પ્રાપ્તિ અને રોગ મટાડવાના નામે લાખો રૂપિયા તેમજ AC, ફ્રિજ જેવી કિંમતી વસ્તુઓ પડાવનાર ઘનશ્યામ ભૂવા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે તે કહેવત મુજબ આ ભૂવો છેલ્લા ઘણા સમયથી અંધશ્રદ્ધાનો ખેલ ખેલતો હતો. જોકે, આજરોજ વિજ્ઞાન જાથાએ ઘટનાસ્થળે જઈ ભુવાના આ અંધશ્રદ્ધાના ખેલનો પર્દાફાશ કરતા પહેલા ફરાર થયો અને હાલ પોલીસ સામે હાજર થઈ માફી માગી.આ ઢોંગી ભૂવો ધૂણતા ધૂણતા એવો દાવો કરતો હતો કે, "એવો સમય આવશે કે બેંક લૂંટાઈ જશે પણ ચોર પકડાય નહીં એવું હું મેલડી બોલું છું".

સાતમો અને આઠમો મહિનો આવતા પૂર લાવવાની ધમકી આપી તે લોકોને ડરાવતો હતો.જોકે, વિજ્ઞાન જાથાની ટીમે પાદરા પોલીસને સાથે રાખીને જ્યારે દરોડો પાડ્યો ત્યારે પોતાની જ 'ચમત્કારિક' શક્તિઓ કામ ન આવી અને તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ જણાવ્યું કે, આ પાખંડી ૨૫ પ્રકારના અસાધ્ય રોગ મટાડવાના દાવા કરી ૧.૫૧ લાખ સુધીની ફી વસૂલતો હતો.

વધુમાં ઉમેર્યું કે, તેઓએ અત્યાર સુધીમાં ભારતભરમાં ૨૮૦૦થી વધુ આવા પાખંડીઓનો પર્દાફાશ કર્યો છે અને તેમાંથી એક પણ સાચો નીકળ્યો નથી. આવા લોકો માનસિક બીમાર અથવા સંપૂર્ણ પાખંડી હોય છે જેઓ લોકોના ડરનો ફાયદો ઉઠાવે છે. વિજ્ઞાન જાથાએ લોકોને અપીલ કરી છે કે કોઈપણ ધર્મના આવા પાખંડીઓ સામે હિંમત રાખીને ફરિયાદ કરવા આગળ આવે જેથી સમાજને આવા ધુતારાઓથી બચાવી શકાય.અંધશ્રદ્ધાનો ભોગ બનેલા અનેક લોકો હવે સામે આવી રહ્યા છે. એક પીડિતે જણાવ્યું કે, તેને સંતાન પ્રાપ્તિની લાલચ આપી વિધિના નામે ૫૧,૦૦૦ રૂપિયા પડાવ્યા હતા. અન્ય એક શ્રદ્ધાળુએ આપવીતી જણાવતા કહ્યું કે, તેની પાસેથી એસી (AC), ચાંદીની બુટ્ટી અને અંદાજે ૩ લાખ રૂપિયા પચાવી પાડવામાં આવ્યા છે.ઈન્સ્ટાગ્રામ પર "રાજા મેલડીના" નામથી વીડિયો વાયરલ કરી તે શ્રદ્ધાળુઓને આકર્ષતો અને બાદમાં માતાજીનો ડર બતાવી તેમની પાસેથી વાહન અને ઘરના સાધનો વસાવતો હતો.

પરેશભાઈ નામના એક પીડિતે જણાવ્યું કે, તેઓ દોઢ વર્ષથી આસ્થા સાથે અહીં આવતા હતા અને ભૂવાને પોતાની ગાડીમાં ફેરવતા હતા. જ્યારે તેમને છેતરપિંડીની ખબર પડી અને બબાલ થઈ ત્યારે ભૂવાના દીકરાએ જ તેમની ગાડી તોડી નાખી હતી. ફક્ત એટલું જ નહીં, ભૂવાએ પરેશભાઈની પત્ની વિશે ગંદી અફવાઓ ફેલાવી અને ચારિત્ર્યહનન કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. પીડિતે રોષ વ્યક્ત કર્યો કે, જો આ ભૂવો સાચો હોત તો તે ભાગી ન ગયો હોત.




ઢોંગી ભૂવો ધૂણવાનું પણ નાટક કરતો

**સંતાન પ્રાપ્તિ અને રોગ મટાડવાના નામે લાખો રૂપિયા તેમજ AC, ફ્રીજ જેવી કિંમતી વસ્તુઓ પડાવનાર ઘનશ્યામ ભૂવા સામે લોકોમાં રોષ**

# વરરાજાની માઠી દશા !

## લગ્ન મંડપમાં વરરાજો દારૂ ઢીંચીને આવતા યુવતીએ લગ્ન તોડી નાખ્યા



સિટી ન્યૂઝ@ઉત્તરપ્રદેશ

ઉત્તર પ્રદેશના આંબેડકર નગરમાં એક લગ્ન સમારોહમાં ભારે હોબાળો મચી ગયો. વરરાજાની ચાલ આ હંગામાનું કારણ બની. કન્યાએ તેને લંગડાતો જોયો, જેના કારણે આકરો નિર્ણય લેવામાં આવ્યો. કન્યા અને વરરાજાના પરિવારો તેના નિર્ણયથી ચોંકી ગયા. આ આખી ઘટના લગ્નના સાત ફેરા પછી બની. પોલીસ સ્ટેશનમાં બંને પક્ષો વચ્ચે એક દિવસ લાંબી પંચાયત પણ મામલો ઉકેલવામાં નિષ્ફળ ગઈ. જહાંગીરગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના બિરહર ખાસના રહેવાસી રાજનની લગ્નની જાન શુક્રવારે ખૂબ જ ધામધૂમથી અલાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના સુલતાનપુર પહારપુર ગામમાં પહોંચી. સ્વાગત સમારોહ પછી, જયમાલા અને ફેરા કરવામાં આવી. સિંદૂર દાન સમારોહ પછી, પરોઢિયે આંચલ ધારાઈ નક્કી કરવામાં આવી હતી. આ સમય દરમિયાન, રાજન ગાયબ થઈ ગયો. લગભગ અડધા કલાક પછી, જ્યારે વરરાજા આવ્યો અને મંડપમાં પ્રવેશવા લાગ્યો, ત્યારે તે ડગમગી ગયો. જ્યારે બધાને વરરાજાને લથડતો જોયો, ત્યારે તેમને શંકા ગઈ અને તેમને ખબર પડી કે તે સંપૂર્ણપણે નશામાં હતો.

યુવતિના પરિવારજનોને લગ્ન મંજૂર નહીં હોવાથી હત્યા કરી નાંખી

## જાન લઈ લગ્ન મંડપમાં જઈ રહેલા વરરાજાની ગોળી મારી હત્યા






સિટી ન્યૂઝ@જોનપુર

લગ્નનું ઘર રોશનીથી ઝગમગી રહ્યું હતું. ઢોલ-શરણાઈ વાગી રહી હતી અને સંબંધીઓ લગ્નની મજા માણી રહ્યા હતા. ફૂલોથી શણગારેલી કારમાં વરરાજા આઝાદ બિંદ પોતાની જિંદગીની સૌથી સુંદર સફર પર નીકળ્યા હતા. પણ કોણે વિચાર્યું હતું કે આ સફર સાત ફેરા સુધી નહીં, પણ મોતના દરવાજા સુધી પહોંચશે. વરરાજા કારમાં નીકળ્યા અને ઘરથી માત્ર ૫ કિલોમીટર દૂર પહોંચ્યા, ત્યાં તેમની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી. આ ઘટનાને દુલ્હનના જ એક સંબંધીએ અંજામ આપ્યો હતો.સરાયખ્વાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બડઅઉર ગામના રહેવાસી આઝાદ બિંદના લગ્ન ખેતાસરાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બીબીપુર ગામની યુવતી સાથે નક્કી થઈ હતી. ઘરમાં ખુશીનો માહોલ હતો. જાન વાજતે-ગાજતે ઘરેથી નીકળી હતી. વરરાજા ફૂલોથી શણગારેલી કારમાં બેઠા હતા અને પરિવારના લોકો પાછળ-પાછળ ચાલતા હતા. પણ ઘરથી લગભગ ૫ કિલોમીટર દૂર નેશનલ હાઈવે પર પહેલેથી જ ઘાત લગાવીને બેઠેલા શખ્સો વરરાજાની રાહ જોઈ રહ્યા હતા.જ્યારે વરરાજાની કાર ત્યાં પહોંચી, બાઈક પર આવેલા હુમલાખોરોએ ફાયરિંગ શરૂ કરી દીધું. એક ગોળી કારની વિન્ડશીલ્ડ ચીરીને સીધી આઝાદની છાતીમાં ઘૂસી ગઈ.

## લગ્નમાં TV, ફ્રીજ નહીં રોકડા આપો છોકરાવાળાએ કહેતા લગ્ન ફોક...






સિટી ન્યૂઝ@ઉત્તરપ્રદેશ

ઉત્તર પ્રદેશના બાંદામાં એક લગ્ન થવાના હતા, પરંતુ છેલ્લી ઘડીએ કંઇક એવું થયું કે લગ્નની જાન જ ન આવી. હકીકતમાં લગ્ન પહેલા જ વરરાજા અને તેના પરિવારની માંગણીઓએ બધાને ચોંકાવી દીધા હતા. વરરાજાના પરિવારે કહ્યું કે, તેઓને દહેજમાં TV, કુલર, રેફ્રિજરેટર અથવા વોશિંગ મશીન નથી જોઈતું, અમને તેના બદલે રોકડા રૂપિયા જોઈએ છે. જ્યારે કન્યાના પરિવારે રોકડ રકમ આપવાનો ઇનકાર કર્યો , ત્યારે હંગામો થઇ ગયો , અને પરિણામ એ આવ્યું કે , લગ્નની જાન જ ન આવી અને તેના કારણે લગ્ન રદ કરવા પડ્યા હતા.આ મામલો હવે પોલીસ સુધી પહોંચ્યો છે. કન્યાના પરિવારે પોલીસ અધિક્ષક (SP)ને ફરિયાદ કરી છે અને વરરાજાના પરિવાર સામે કાર્યવાહીની માંગ કરી છે. તેમનો દાવો છે કે, કન્યા મહેંદી લગાવીને રાહ જોઈ રહી હતી, પરંતુ લગ્નની જાન ન આવી, જેના કારણે સમાજમાં તેમની પ્રતિષ્ઠા ખરાબ થઇ ગઈ. SP પલાશ બંસલે પીડિતની સામે જ સ્ટેશન ઇન્ચાર્જને ફોન કર્યો અને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી.

# ફટાફટ ધનવાન બનવું હતું, પણ હવે તે પાલનપુર પોલીસ સ્ટેશન સામે ઊભો હતો, કોઈએ પુછપરછ પણ કરી નહીં




બપોરના બાર વાગ્યા હતા, ગોપાલ જુમ્મનના અડ્ડા ઉપર જુગાર રમવા આવ્યા હતો, આમ તો જુગાર રમવાનો તેનો આ બીજો દિવસ હતો, અગાઉ અનેક વખત ગોપાલ નાના મોટા જુગાર તો રમી ચુકયો હતો, પણ પરંતુ જુમ્મનના અડ્ડા ઉપર ગોપાલ બીજી વખત જ આવ્યો હતો, ગોપાલ માનતો હતો કે જીંદગી પણ એક જુગાર છે, તે હજી ત્રેવીસ વર્ષનો જ હતો છતાં તે જીંદગીને જુગારની જેમ જ જીવી રહ્યો હતો. બાળપણથી તે જીંદગીને પોતાની રીતે જીવી રહ્યો હતો, તેના નસીબમાં ગરીબી તો તેના જન્મ સાથે જ હતી, પણ ગોપાલ માનતો હતો કે તે ગરીબ તરીકે ભલે જન્મયો પણ તે મરશે ત્યારે તે ગરીબ તરીકે મરશે નહીં એટલે જ તેણે જાણે પોતાની જીંદગીની ગાડીનું એકસીલેટરનું પેડલ આખુ દબાવી દીધુ હતું. આમ તો ગોપાલ મુળ અમદાવાદનો હતો, પણ ઘરમાં નિર્માણ થયેલી પરિસ્થિતિને કારણે પિતાને પોતાનો ધંધો અમદાવાદથી પાલનપુર સ્થળાંતરીત કરવો પડયો હતો. જેના કારણે ગોપાલ પણ વર્ષ પહેલા પાલનપુર આવ્યો હતો, જો કે તેનું ગમતુ શહેર તો અમદાવાદ જ હતું, પરંતુ પાલનપુર રહેતા મમ્મી-પપ્પા સતત આગ્રહ કરતા હતા કે કયાં સુધી એકલો અમદાવાદ રહીશ એટલે તે પરાણે એક વર્ષ પહેલા પાલનપુર આવ્યો હતો.આમ તો તેને પાલનપુર લઈ આવવામાં નીશીની ભૂમિકા અગત્યની હતી, ગોપાલની મમ્મીને ખબર હતી કે નાદાન માનશે નહીં એટલે ગોપાલની મમ્મીએ જ નીશીને કહ્યું હતું કે બેટા મને ખબર છે. ગોપુ તારી સામે વધારે દલીલ કરશે નહીં, અમે પાલનપુર રહીએ અને તમે અમદાવાદ રહો તેના કરતા આપણે સાથે રહીએ તો સારૂ, ગોપાલના મમ્મીનો આઈડીયા ખરો ઉતર્યો, પત્ની નીશીએ જ્યારે ગોપાલને પાલનપુર જવાની વાત કરી ત્યારે પહેલા ગોપાલે થોડી દલીલ જરૂર કરી, તેનો મત હતો કે અમદાવાદમાં બધુ ગોઠવાઈ ગયેલુ છે ત્યારે કયાં ફરી પોલાનપુર જઈ નવી જીંદગીની શરૂઆત કરવી, પણ નીશીની હઠની આગળ ગોપાલનું કઈ ચાલ્યુ નહીં અને તે પાલનપુર આવી ગયો.જો કે પાલનપુર આવી શું કરવું તે સ્પષ્ટ ન્હોતુ, પણ ગોપાલના લોહીમાં વેપાર હતો કારણ તેના પપ્પા પણ બહુ કપરી સ્થિતિમાં નાનો મોટો વેપાર કરી લેતા હતા, એટલે તે ગુણ ગોપાલમાં હતો, ગોપાલના પપ્પાની વહોરાવાડની બહાર રેડીમેડ કપડાની દુકાન હતી, જો કે દુકાન બહુ મોટી ન્હોતી, પણ ઘરનો ખર્ચ નીકળી જતો, પણ હવે બેના ચાર થયા હતા, ગોપાલ અને નીશી પણ પાલનપુર આવી ગયા, થોડા દિવસ પાલનપુર ભ્રમણ કર્યા પછી ગોપાલને ખ્યાલ આવ્યો કે નાનપુરામાં આવેલી સરસ્વતી સ્કૂલની બહાર આવેલી દુકાનમાં તો સ્ટેશનરીનો ધંધો શરૂ થાય તો ધંધો થઈ શકે તેમ છે. તે દિવસે ગોપાલ ઘરે આવ્યો ત્યારે તેણે પોતાનો વિચાર નીશી અને મમ્મીને કહ્યો, નીશીએ તરત કહ્યું સરસ તો કામ શરૂ કરીએ, હું પણ તારી મદદમાં દુકાને આવી શકીશ, ગોપાલે મમ્મી સામે જોયુ, મમ્મી સમજી ગઈ, તેણે ગોપાલને કહ્યું તું મને પુછી રહ્યો છે કે જાણ કરી રહ્યો છે. ગોપાલની મમ્મી તેને નખશીખ ઓળખતી હતી. ગોપાલ પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનો નિર્ણય લીધા પછી જાણે મંજુરી માગતો હોય તે રીતે વાત કરતો હતો. ગોપાલની મમ્મી આજે પણ સાચી હતી. કારણ ગોપાલ દુકાન ભાડે લેવા માટે દુકાન માલીકને એડવાન્સ પણ આપી આવ્યો હતો. ગોપાલે જવાબ આપ્યો મમ્મી તું સાચી છે, હું એડવાન્સ આપી આવ્યો છું, દુકાન શરૂ કરવા માટે જરૂરી દોઢ લાખ જેટલી મુડીની તો ગોપાલ પાસે વ્યવસ્થા હતી.એટલે બે-ત્રણ દિવસમાં તેણે સ્ટેશનરીનો માલ ભર્યો, ગોપાલને ખબર હતી કે વિદ્યાર્થીઓ ઝેરોક્સ માટે પણ આવશે, જો કે ઝેરોકસ મશીન ખરીદવાનો હમણાં વેંત થાય તેમ ન્હોતો, પણ ગોપાલે તેનો જુગાડ શોધી કાઢયો હતો. ગોપાલ એક નાનુ પ્રિન્ટર લઈ આવ્યો હતો. ગોપાલે મમ્મીના હાથે મુહૂર્ત કરાવી દુકાનના શ્રી ગણેશ કર્યા હતા, પહેલા છ મહિના તો દુકાન સારી ચાલી ચાલી, જો કે ગોપાલ તેનાથી ખુશ ન્હોતો, કારણ તે કાયમ પાલનપુરના ધંધાની અમદાવાદ સાથે સરખામણી કરતો હતો, તેને એવું થયા કરતું કે જો આવો ધંધો અમદાવાદમાં હોય તો અહિયા કરતા બમણો ધંધો થાય, પણ પાલનપુર નાનું ટાઉન હતું. તેમાં પણ સ્કૂલની રજા હોય ત્યારે દસ વીસ રૂપિયાનો ધંધો થાય તો પણ ભયોભયો, પણ ગોપાલના પપ્પા કહેતા કે એક વખત ધંધો શરૂ કર્યો પછી ધંધો થાય કે નહીં પણ ધંધા ઉપર તો રોજ બેસવુ પડે, તેમાં પણ વેકેશન આવે ત્યારે ધંધો સાવ ઠપ્પ થઈ જતો કારણ વિદ્યાર્થી જ આવે નહીં તો કોણ દુકાને આવે, આવે વખત ગોપાલનું મન જુદા જુદા વિચારોમાં અટવાઈ જતુ, રાત્રે નીશી ગોપાલનો ચહેરો જોઈ તેના મનમાં ચાલી રહેલી ઉથલપાથલ સમજી જતી. પથારીમાં પડયા પછી તે તેના માથા ઉપર હાથ ફેરવતા કહેતી જેમ સારા દિવસો કાયમ રહેતા નથી તેમ ખરાબ દિવસ પણ લાંબો સમય રહેશે નહીં. ગોપાલ માત્ર હાસ્ય આપતો પણ તેના મનમાં શું ચાલી રહ્યું છે કયારેય નીશીને કહેતો નહીં, કદાચ તે દિવસે ગોપાલે મનમાં ચાલી રહેલું ધમાસાણ નીશીને કહ્યું હોત તો નીશીએ ગોપાલને જરૂર રોકી લીધો હોત પણ ગોપાલ તે દિવસે કઈ જ બોલ્યો નહીં.જુમ્મનના અડ્ડા ઉપર ગઈકાલ જેવો જ માહોલ હતો. જુગારીઓ પોતાના દાવ લગાડવામાં મશગુલ હતા. ગોપાલ આવ્યો તેની તરફ કોઈનું ધ્યાન ન્હોતુ, પણ ગોપાલને જોતા જ અડ્ડામાં કામ કરતા અરવીદ્દાએ કહ્યું આવો આવો શેઠ, ગોપાલને એક



પ્રશાંત દયાળ

ક્ષણ તો આશ્ચર્ય થયુ કારણ હજી તે બીજી વખત અડ્ડા ઉપર આવ્યો હતો, છતાં અડ્ડામાં કામ કરતો આ માણસ તેને ઓળખી ગયો, પછી ગોપાલે પોતાને જ સમજાવતા કહ્યું ગઈકાલે તે હજાર રૂપિયા જીતી નિકળ્યો એટલે કદાચ ઓળખી ગયો હશે. ગોપાલને જોતા અરવિદ્દાએ જયાં રમી રમાઈ હતી તે ટેબલ પાસે એક ખુરશી ગોઠવી બેસવાનો ઈશારો કર્યો, ગોપાલને મનમાં સારૂ પણ લાગ્યુ કારણ બહારની દુનિયામાં આવુ માન તેને ભાગ્યે જ મળ્યું હતું, ગોપાલ ટેબલ ઉપર ગોઠવાયો તેની સાથે નવી ગેઈમ માટે પત્તા વહેંચાયા અને ગોપાલને પોતાના પત્તા જોઈ ખીસ્સામાંથી ૧૦૦ની પાંચ નોટો ટેબલ ઉપર મુકી, ગોપાલે જેવા પૈસા મુકયા તેની સાથે બધાની નજર ગોપાલ તરફ ગઈ અને અચાનક બધા બધા ઉભા થઈ ગયા, ગોપાલ કઈ સમજે તે પહેલા અરવિદ્દાએ ગોપાલને પાછળથી કોલરમાંથી પકડી આજ હતો કે ગઈકાલે તેવુ કહેતા ત્યાં રહેલા અડ્ડાવાળા ગોપાલ ઉપર તુટી પડયા, ગોપાલ કઈ સમજી શકતો ન્હોતો કે તેના ઉપર બધા કેમ તુટી પડયા, ગોપાલને મારતા મારતા તેઓ બાજુની રૂમમાં લઈ ગયા, ગોપાલ પોતાને મારવાનું કારણ પુછતો હતો પણ તેને કોઈ જવાબ આપવાને બદલે બધા જ મારી રહ્યા હતા, આ વખતે રૂમમાં બે વ્યકિતઓ દાખલ થઈ તેમાં આધેડ વયની વ્યકિતએ એ કોઈ મારશો નહીં તેવી બુમ પાડતા, બધાએ મારવાનું બંધ કર્યુ ગોપાલને તે માણસ ભગવાન જેવા લાગ્યા, પેલી આધેડ વયની વ્યકિતએ ગોપાલ સામે જોયું ગોપાલ જમીન ઉપર પડેલો હતો. તેણે ગોપાલ સામે જોતા કહ્યું ચાલ ઉભો થા, ગોપાલનો ચહેરો મારને કારણે લાલ થઈ ગયો અને પેટમાં લાતો મારી હોવાને કારણે પેટમાં દુખાવો પણ થતો હતો.પેલી આધેડ વ્યકિત પોતાની સાથે રહેલા જુવાન માણસને ગોપાલ તરફ ઈશારો કરતા કહ્યું લઈ લો આને, પેલા માણસે ગોપાલનો હાથ પકડી ઝડતાપુર્વક ખેંચતા કહ્યું ચાલ ઉભો થઈ જા, હજી એક ક્ષણ પહેલા ભગવાન લાગેલા માણસનો હવે તેને ડર લાગ્યો, કોણ હશે મને કયાં લઈ જાય છે, પણ ગોપાલની સવાલ પુછવાની હિંમત ન્હોતી ગોપાલને અડ્ડાની બહાર લાવ્યા, પેલા જુવાન માણસે પોતાનું મોટર સાયકલ સ્ટાર્ટ કર્યુ એટલે પેલા આધેડે ગોપાલ તરફ ઈશારો કરતા કહ્યું બેસ, ગોપાલ બાઈકની પાછળની સીટમાં ગોઠવાઈ ગયો, ગોપાલની પાછળ પેલો આધેડ બેસી ગયો અને બાઈક પાલનપુરની ગલીમાંથી પસાર થઈ જયાં રોકાયું ત્યાં પહોંચતા ગોપાલના ગાત્રો થીજી ગયા, તે પાલનપુર પોલીસ સ્ટેશન સામે ઉભો હતો. બાઈક ઉપરથી ઉતરતા પેલા આધેડે ગોપાલની પેન્ટ કમરમાંથી પકડતા તેને આદેશના સ્વરમાં કહ્યુ ચાલ અંદર ગોપાલ સમજી ગયો આ પોલીસવાળા જ છે, પોલીસ સ્ટેશનમાં દાખલ થતા બરાબર સામે બેઠેલા હેડ કોન્સટેબલને સંબોધતો પેલા આધેડે કહ્યુ દાદા આને લોકઅપમાં મુકુ છું, એન્ટ્રી કરતા નહીં સાહેબ સાથે વાત કરવાની બાકી છે હમણાં ઉપલક છે, આધેડ ગોપાલને લોકઅપ પાસે લઈ ગયો અને લોકઅપ ખોલી ગોપાલને અંદર હડસેલી લોકઅપ બંધ કર્યુ. સાંજના સાત થઈ ગયા પણ હજી સુધી ગોપાલને કોઈએ જ કંઈ પુછયુ ન્હોતુ, પણ લોકઅપમાં ગોપાલની સાથે રહેલા બે ચેઈન સ્નેચરોએ પુછયું શેમાં આવ્યો છે, ગોપાલે એક ક્ષણ વિચાર કર્યો અને પછી જવાબ આપ્યો ખબર નહીં, પેલા બે એકદમ હસી પડયા, એક બોલ્યો પહેલી વખત આવે તેને ખબર જ હોતી નથી કેમ આવ્યો છે. (ક્રમશ)

## લવ એનિમલ્સ રેલીમાં અઘોરીઓની એન્ટ્રી

# 'આવારા નહીં હમારા' નારા સાથે શ્વાન રક્ષા માટે પદયાત્રા




**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં રાજકોટના કલ્યાણનગર વિસ્તારમાં એક નિર્દોષ શ્વાન પર લોખંડના પાઈપ વડે થયેલા જીવલેણ હુમલાની ઘટનાએ શહેરભરમાં ચકચાર મચાવી છે. માત્ર "ડિસ્ટર્બ થાય છે" જેવી સામાન્ય બાબતે થયેલી આ ક્રૂરતાના વિરોધમાં અને પ્રાણીઓ પ્રત્યે કરુણા જગાડવા માટે પોઝ હેવન ગ્રૂપ (Paws Heaven Group) દ્વારા રવિવારે લવ એનિમલ્સ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જામનગર રોડ પર ઘંટેશ્વર પાર્ક પાછળ કલ્યાણનગર વિસ્તારમાં એક શખ્સે શ્વાન પર લોખંડના પાઈપના ૨૮ ઘા ઝીંકી તેને અર્ધમૃત કરી નાખ્યો હતો. આ દરમિયાન શ્વાનને બચાવવા વચ્ચે પડેલી મહિલા પર પણ હુમલાખોરે નિર્દયતાથી પ્રહાર કર્યા હતા. આ મામલે હાલ પોલીસ ફરિયાદ (FIR) દાખલ કરવામાં આવી છે. તા. ૩ મે, રવિવારના રોજ સાંજે ૬ વાગ્યે રેસકોર્સ આર્ટ ગેલેરીથી આ રેલીનો પ્રારંભ થયો હતો. રેલીમાં ૨૫૦થી ૩૦૦ જેટલા પ્રાણીપ્રેમીઓ સાથે બેડી ચોકડી પાસે આવેલા કાલભૈરવ મંદિરના



અઘોરીઓ પણ જોડાયા હતા. કાલભૈરવ મંદિરના જે.ડી. બાપુ અઘોરીએ જણાવ્યું હતું કે, કાલભૈરવ દાદાના આદેશથી તેઓ મૂંગા પ્રાણીઓને ન્યાય અપાવવા માટે આ રેલીમાં જોડાયા છે અને સરકાર આ બાબતની ગંભીર નોંધ લે તેવી માંગ કરી છે. રેસકોર્સ રીંગરોડ પર ફરેલી આ રેલીમાં લોકોએ વિવિધ સ્લોગન લખેલા બેનરો દર્શાવીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેમાં મુખ્યત્વેઃ "પ્રાણીઓ પર ક્રૂરતા = માનવતા પર કલંક" "આવારા નહીં હમારા હૈ" "હાથ ઉઠાવો રક્ષણ માટે - અત્યાચાર કરવા માટે નહીં" "ડોગ હેરેસમેન્ટ બંધ કરો" "હર જીવ કે લિયે પ્રેમ ઔર સમ્માન - યે ભી ઇસ ધરતી કે હિસ્સેદાર હૈ"

# ગુજરાત ઉમરેઠ પેટાચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય

**સિટી ન્યૂઝ@સુરત**

તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ ગઈ. તેના પૂર્વે ગુજરાત વિધાનસભામાં ઉમરેઠની બેઠક પર પેટાચૂંટણી યોજાઈ ગઈ હતી. આ બેઠક ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારના નિધનના કારણે ખાલી થઈ હતી. તેના પગલે આ પેટાચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં ભાજપે ગોવિંદ પરમારના પુત્ર હર્ષદ પરમારને ટિકિટ આપી હતી. હર્ષદ પરમારે કોંગ્રેસના ઉમેદવાર ભૃગરાજસિંહ ચૌહાણ સામે ૩૦,૫૦૦ મતથી વિજય મેળવ્યો છે.આમ ગોવિંદભાઈ પરમારના પુત્ર હર્ષદ પરમારે આ ચૂંટણી જીતી લીધી છે. તેમને પિતાના મૃત્યુના લીધે લોકલાગણીનો ફાયદો મળ્યો છે. ઉમરેઠ બેઠકની વાત કરવામાં આવે તો કુલ



મતદારોના ૫૪ ટકા મતદારો ઠાકોર-ક્ષત્રિય સમાજમાંથી આવે છે. મૃતક ધારાસભ્ય ગોવિંદભાઈ પણ ક્ષત્રિય ઠાકોર સમાજના હતા. ભાજપે તેમના પુત્ર હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર પર ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા. કોંગ્રેસના ઉમેદવાર ભૃગુરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણ પણ બહોળો રાજકીય અનુભવ ધરાવે છે. તેઓ ૧૫ વર્ષ સુધી ઉમરેઠ તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચૂક્યા છે. આના પગલે ચૂંટણીજંગ રોમાંચક બન્યો હતો. જો કે કોંગ્રેસના અનુભવી ઉમેદવાર પર ભાજપની સંગઠન શક્તિ ભારે પડી હતી. તેના કારણે કોંગ્રેસે આ બેઠક પર પરાજીત થઈ છે.

# જામનગરમાં મચ્છીના વેપારીની હત્યા

**સિટી ન્યૂઝ@જામનગર**

જામનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતો વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. ૨૦ રૂપિયાની બળજબરીથી ઉઘરાણી કરી ફ્રુટની લારી ચલાવતા વૃદ્ધની હત્યા અને અનૈતિક સંબંધમાં નેપાળી યુવાનની હત્યાની ઘટના તાજી છે ત્યાં આજે ફરી શહેરના સુભાષ બ્રિજ નજીક નદીના કાંઠેથી એક આધેડની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી છે. જે મામલે પોલીસે દોડી જઇ ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.જામનગર શહેરમાં સુભાષ બ્રિજ નજીક આજે વહેલી સવારે એક પુરુષનો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરાઈ હતી. આથી સીટી એ ડિવિઝન પોલીસ અને એલસીબી એસઓજી પોલીસ દોડી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક આધેડનું નામ ઈસ્માઈલભાઈ હારુનભાઈ કેર (ઉવ ૫૬) હોય અને તે જોડિયા ભુંગા નો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ મૃતક યુવાન માછલીના વ્યવસાય સાથે જોડાયેલ હોવાનું જાણવા મળી રહ્યું છે. મૃતકના પુત્ર એ સ્થળ પર આવીને પોતાના પિતાની ઓળખ કરી આપી હતી. પોલીસે તપાસ હાથ ધરતા મૃતકના માથાના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતા. આથી હત્યાની દિશામાં પોલીસે તપાસ આરંભી છે. સિટી એ. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



**ડોક્ટરની મોટી ગરબડ**

# અજીબ ભૂલ : ડાબા હાથમાં ફ્રેક્ચર : પ્લાસ્ટર જમણા હાથમાં




## પરિવારજનો પોલીસ-સ્ટેશન પહોંચ્યા હતા અને સરકારી હૉસ્પિટલ સામે કાર્યવાહી કરવાની માગણી કરી

**સિટી ન્યૂઝ@હાથરસ**

ઉત્તર પ્રદેશના હાથરસ શહેરની સંયુક્ત જિલ્લા હૉસ્પિટલમાં હેરાન કરી દેનારો એક મામલો સામે આવ્યો છે. આરોપ છે કે એક બાળકને ડાબા હાથની આંગળીમાં ફ્રેક્ચર હતું, પરંતુ ડૉક્ટરોએ ટ્રીટમેન્ટ દરમ્યાન બાળકના જમણા હાથને પ્લાસ્ટર લગાવી દીધું હતું. ૪ વર્ષનો હર્ષ ગુરુવારે ઘરમાં રમી રહ્યો હતો ત્યારે તેના હાથમાં ઈજા થઈ હતી. તેને સારવાર માટે જિલ્લાની સરકારી હૉસ્પિટલના OPDમાં લઈ ગયા.

OPDમાં ડૉક્ટરોએ બાળકના હાથનો એક્સ-રે કર્યો અને એ રિપોર્ટમાં ડાબી બાજુના હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હોવાની પુષ્ટિ થઈ હતી. ડૉક્ટરોએ એ પછી તેના હાથ પર પ્લાસ્ટર લગાવ્યું અને દવા આપીને ઘરે મોકલી દીધો. હૉસ્પિટલે એક્સ-રે અને પ્લાસ્ટર માટે ૭૦ રૂપિયા પણ ચાર્જ કર્યા હતા. જોકે ઘરે પહોંચ્યા પછી પણ બાળક સતત રડતું જ રહ્યું હતું.

પરિવારજનોએ જ્યારે પૂછ્યું તો દુખાવો થવાની ફરિયાદ કરતું હતું. જોકે ઘણા સમય પછી ખબર પડી કે તેને ડાબી આંગળીમાં દુખે છે. પરિવારજનો એક્સ-રે રિપોર્ટ લઈને ફરી હૉસ્પિટલમાં ગયા તો ખબર પડી કે એક્સ-રેમાં તો ડાબા હાથમાં ઈજા બતાવે છે, જ્યારે પ્લાસ્ટર જમણા હાથમાં લગાવેલું છે. આ ઘટના પછી પરિવારજનો પોલીસ-સ્ટેશન પહોંચ્યા હતા અને સરકારી હૉસ્પિટલ સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

# લગ્નપ્રસંગમાં ફોટોગ્રાફરે મહિલાને ફ્રેમમાંથી હટવાનું કહેતા ધમાલ મચી



## સાઇડલાઇનના આરોપે બંને પક્ષ વચ્ચે ટકરાવઃ પ્રસંગમાં તોફાન, વિદાય અટકી




**સિટી ન્યૂઝ@હાથરસ**

મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં થોડા દિવસ પહેલાં લગ્નસમારંભમાં એક નાનકડી વાતે બબાલ મચી ગઈ હતી. એક તરફ લગ્ન લેવાઈ રહ્યાં હતાં અને બીજી તરફ જમવાનું ચાલી રહ્યું હતું.

ફોટોગ્રાફર બધાની તસવીરો પણ લઈ રહ્યો હતો. જોકે ફોટોગ્રાફરે એક મહિલાને સહેજ ખસવાનું કહ્યું હતું. તે જ્યાં ફોટો લઈ રહ્યો હતો એ ફ્રેમમાંથી તેને હટાવવા માટે ફોટોગ્રાફરે સહેજ હાથ લગાડ્યો હતો.

જોકે આ વાતે મહિલા અને તેના પરિવારજનો ભડકી ઊઠ્યાં હતાં. વાત મહિલાને જાણીજોઈને સાઇડલાઇન કરવામાં આવી રહી છે એવા આરોપ સુધી પહોંચી. વર અને કન્યાપક્ષના લોકો આ મામલે આમનેસામને આવી ગયા અને પછી તો વાસણો, ખુરસીઓ જે હાથમાં આવ્યું એની એકબીજા પર ફેંકમફેંક શરૂ થઈ ગઈ. લગ્ન થઈ ગયાં પણ વિવાદને કારણે કન્યાવિદાય ન થઈ.






**કૃત્રિમ બીજદાનની નવી ટેક્નોલોજીથી 90% કિસ્સામાં માત્ર વાછરડીનો જ જન્મ**

**ગુજરાતમાં 3.41 લાખ ડોઝના ઉપયોગથી જન્મેલા 37469 બચ્ચામાંથી 34184 માદા**

# રખડતા આંખલા ઘટાડવા સેક્સડ સિમેન ટેકનોલોજી બની વરદાન

## »પશુપાલકોને પ્રોત્સાહન આપવા સરકારે સિમેન ડોઝની કિંમત 300 થી ઘટાડી 50 કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યમાં રખડતા આંખલાઓ અને પાડાને કારણે અકસ્માતના કિસ્સાઓ વધી રહ્યા છે અને ગુજરાત હાઈકોર્ટની ઝાટકણી બાદ સરકાર એક્શન મોડમાં આવી છે. હાલ રખડતા આંખાલાને અંકુશમાં લેવા માટેની

સેક્સડ સિમેન ટેકનોલોજી વરદાન બની છે.અત્યારે ગાયમાં કુદરતી પ્રજનન ઘટાડીને કુત્રિમ બીજદાન તરફ પશુપાલકો વધ્યા છે જેના કારણે નવી ટેક્નોલેજીથી ૯૦ % કિસ્સામાં માત્ર વાછરડીનો જન્મ થઇ રહ્યો છે.

ગુજરાત રાજ્યનાં પશુપાલન વિભાગ દ્વારા પાટણ ખાતે ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ માં ૮ લાખ સેક્સ્ડ સિમેન ડોઝના ઉત્પાદન માટેનાં પ્રોજેક્ટને ભારત સરકારે મંજૂરી આપી હતી, જેમાં ૬૦ % કેન્દ્ર સરકારનો અને ૪૦ % રાજ્ય સરકારનો હિસ્સો હતો. જૂન-૨૦૨૧ થી ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ખાતે સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું અને ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં કુલ ૮ લાખ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન પૂર્ણ થયું.

ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા કુલ ૩.૪૧ લાખ ડોઝનો ઉપયોગ કરવામાં આવ્યો, જેમાંથી ૬૩,૪૩૯ પશુઓ ગાભણ થયા હતા. ગાભણ પશુઓ પૈકી ૩૭,૪૬૯ બચ્ચાઓનો જન્મ થયો હતો, જે પૈકી માત્ર ૩,૨૮૫ નર બચ્ચાઓ હતા અને બાકીનાં તમામ એટલે કે ૩૪,૧૮૪ માદા (પાડી કે વાછરડી) હતા.

એટલે કે, આશરે ૯૧.૨૩ % માદા બચ્ચાનો જન્મ નોંધાયો છે, જે આ ટેકનોલોજીની સફળતા સાબિત કરે છે. સેક્સ્ડ સિમેન (લીંગ નિર્ધારીત વિર્ય)" એક એવી ટેકનોલોજી છે, જે પશુ સંવર્ધન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહી છે. એટલે કે, પશુપાલક જો ઇચ્છે કે, તેની ગાય કે ભેંસને માદા બચ્ચુ જ જન્મે તો એ હવે શક્ય બન્યું છે.

### સેક્સ્ડ સિમેન ટેક્નોલેજી એટલે શું?

કુદરતી રીતે નરના વિર્યમાં બે પ્રકારના રંગસૂત્ર ધરાવતા શુક્રાણુઓ હોય છે- "X" અને "Y" આ રંગસૂત્ર પૈકી "Y" રંગસૂત્રથી નર બચ્ચાનો જન્મ થાય છે. "X" રંગસૂત્રથી માદા બચ્ચાનો જન્મ થાય છે.સામાન્ય સ્થિતિમાં બંનેનું પ્રમાણ લગભગ સમાન હોવાથી નર કે માદા બચ્ચા જન્મવાની સંભાવના ૫૦-૫૦ ટકા રહે છે.પરંતુ સેક્સ્ડ સીમેન ટેકનોલોજી દ્વારા "X" અથવા "Y" શુક્રાણુઓને વૈજ્ઞાનિક રીતે અલગ/નિષ્ક્રિય કરીને આશરે ૯૦ % સુધીની ચોકસાઈ સાથે માદા બચ્ચા પ્રાપ્ત કરી શકાય તે મુજબના ફ્રોઝન સીમેન ડોઝ બનાવવામાં આવે છે. ખાસ કરીને માદા બચ્ચાનો જન્મ વધારવા માટે આ તકનિક અત્યંત ઉપયોગી છે.

### પશુપાલકો માટે સરકારે ડોઝનો ભાવ ઘટાડ્યો

રાજ્ય સરકારને સેક્સ્ડ સિમેન ડોઝનો ઉત્પાદન ખર્ચ રૂ. ૭૧૦/- પ્રતિ ડોઝ હતો જેની સામે પશુપાલકોને આ અદ્યતન ટેકનોલોજીનો લાભ મળે તે માટે પશુપાલકો પાસેથી પ્રતિ ડોઝ રૂ. 300 લેવામાં આવતો હતો જેને વધુ ઘટાડી હવે માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ કરવામાં આવ્યો છે. પશુપાલકો હવે પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ મારફતે માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ ચૂકવી પોતાના પશુઓમાં સેક્સ્ડ સિમેનથી કૃત્રિમ બીજદાનની સેવાઓ મેળવી શકે છે.

### એક વર્ષમાં 7.6 લાખ સેક્સ્ડ ફ્રોઝન સિમેન ડોઝનું ઉત્પાદન

વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ગુજરાતનાં વિવિધ દૂધ સંઘો દ્વારા ૭.૦૯ લાખ સેક્સ્ડ ફ્રોઝન સિમેન ડોઝનું ઉત્પાદન કરી સભાસદ પશુપાલકોના પશુઓમાં ૩.૩૫ લાખ બીજદાન કર્યું છે. આ પૈકી ૫૨,૨૪૬ પશુઓ ગાભણ થયા હતા. ગાભણ પશુઓ પૈકી ૩૦, ૭૧૯ વિયાણ થયા હતા. જેમાંથી ૨૪, ૯૬૮ જેટલા એટલે કે ૮૧ % માદા બચ્ચાઓનો જન્મ થયો હતો.

# ઉત્તરપ્રદેશ, રાજસ્થાનમાં વાવાઝોડાં-વરસાદથી 4નાં મોત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

યુપી, રાજસ્થાન, બિહાર અને ઉત્તરાખંડ સહિત ઘણા રાજ્યોમાં વાવાઝોડા-વરસાદનો દોર ચાલુ છે. રાજસ્થાનમાં રવિવારે ખરાબ હવામાનને કારણે ત્રણ લોકોના મોત થયા. દૌસાના લાલસોટ અને કોટપુતલી-બહરોડના નારાયણપુરમાં કરા પડ્યા. યુપીના સુલતાનપુરમાં ચક્કી પર ઝાડની ડાળી પડવાથી એકનું મોત થયું. ફર્રુખાબાદમાં વાવાઝોડાથી થાંભલા ઉખડી ગયા, જ્યારે કાનપુરમાં રેલવે ટ્રેક પર ઝાડ પડી ગયું.,હરિયાણાના સિરસા, ભિવાની અને મહેન્દ્રગઢમાં રવિવારે ભારે વરસાદ સાથે કરા પડ્યા. ઉત્તરાખંડના પણ ૧૧ જિલ્લાઓમાં વરસાદ થયો. નૈનીતાલ, દેહરાદૂન અને અલ્મોડામાં કરા પણ પડ્યા.જમ્મુ-કાશ્મીરના લધામામાં ભૂસ્ખલન પછી બારામુલા-ઉરી નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો. ટ્રાફિકને ઉરી તરફ બાંદી-પરનપિલન-દાચી



માર્ગ પરથી ડાયવર્ટ કરવામાં આવ્યો છે. રવિવારે રાજસ્થાનના ફલોદીમાં ૪૪.૮C અને મહારાષ્ટ્રના વર્ધામાં ૪૩.૫C તાપમાન નોંધાયું. હવામાન વિભાગે આજે ૧૩ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે, ૧૦ રાજ્યોમાં વાવાઝોડા સાથે વીજળી પડવાની સંભાવના છે.

૫ મેના દિવસે જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ સાથે વીજળી પડવાની સંભાવના છે. યુપી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં વાવાઝોડા સાથે વરસાદનું યલો એલર્ટ છે. આસામ, મેઘાલય અને અરુણાચલમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે.

૬ મેના દિવસે પંજાબ, હરિયાણા, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ પડશે. યુપી, રાજસ્થાન, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં વાવાઝોડા-વરસાદનું યલો એલર્ટ છે. પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ અને મેઘાલયમાં વરસાદની સાથે વીજળી પડવાની સંભાવના છે.



# દિલ્હીમાં આગકાંડ; AC ફાટતા 9 લોકોનાં મોત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, આગ B-૧૩ બિલ્ડિંગના બીજા માળે લાગી હતી અને ધીમે ધીમે સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. લગભગ અઢી કલાકની મહેનત પછી, સવારે ૬:૨૫ વાગ્યે આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ નોંધપાત્ર નુકસાન થઈ ચૂક્યું હતું. પ્રારંભિક માહિતી અનુસાર, અત્યાર સુધીમાં નવ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી ગઈ છે અને તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

મૃતકોમાં ૬૦ વર્ષીય અરવિંદ જૈન, તેમની પત્ની અનિતા જૈન (૫૮), પુત્ર નિશાંત જૈન (૩૫), પુત્રવધૂ આંચલ જૈન (૩૩) અને દોઢ વર્ષનો આકાશ જૈનનો સમાવેશ થાય છે. આ એક જ દુર્ઘટનાએ ત્રણ પેઢીઓનો નાશ કર્યો: દાદા-દાદી, માતા-પિતા અને એક નાનું બાળક; કોઈ બચ્યું નહીં. ઈમારતના પહેલા માળે રહેતી ૪૫ વર્ષીય શિખા જૈન પણ આ દુર્ઘટનાનો ભોગ બની. તે આગ અને ધુમાડા વચ્ચે ભાગી શકી ન હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. ત્રીજા માળે રહેતા અન્ય એક પરિવારે પણ આગમાં જીવ ગુમાવ્યા: ૫૦ વર્ષીય નીતિન જૈન, તેમની પત્ની શૈલેયા જૈન (લગભગ ૪૮) અને ૨૫ વર્ષીય પુત્ર સમ્યક જૈન. એવું જાણવા મળ્યું છે કે આગ સમયે આ પરિવાર પણ ઘરની અંદર હતો અને ભાગી શક્યો ન હતો. ફાયર બ્રિગેડ અને પોલીસ ટીમોએ સંયુક્ત રીતે બચાવ કામગીરી હાથ ધરી હતી અને આશરે ૧૪ થી ૨૦ લોકોને બહાર કાઢ્યા હતા. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, પાછળના ફ્લેટમાં કેટલાક લોકો ફસાયેલા હોવાની શંકા છે, જોકે પોલીસે હાલમાં કોઈ પણ સંડોવણીનો ઇનકાર કર્યો છે. એસી બ્લાસ્ટને કારણે આગ લાગી હશે. જોકે, આગનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે નક્કી થયું નથી અને તપાસ ચાલુ છે. એવું જાણવા મળ્યું છે કે આ ચાર માળની ઈમારત હતી જેમાં કુલ આઠ ફ્લેટ હતા. આગ લાગી ત્યારે મોટાભાગના રહેવાસીઓ ઊંઘી રહ્યા હતા, જેના કારણે ઘણા લોકો સમયસર બહાર નીકળી શક્યા નહીં. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ અકસ્માતમાં નવ લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે દિલ્હી સરકાર આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત પરિવારો સાથે મજબૂત રીતે ઉભી છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, "વિવેક વિહારમાં એક ઈમારતમાં લાગેલી આગની ઘટના અત્યંત દુઃખદ છે.

# પુણેમાં 4 વર્ષની બાળકી પર બળાત્કાર-હત્યા



## » 65 વર્ષના આરોપીની ધરપકડ : સેંકડો લોકોએ મુંબઈ–બેંગલુરુ હાઈવે જામ કર્યો

**સિટી ન્યૂઝ@પુણે**

મહારાષ્ટ્રના પુણેમાં ૧ મેના રોજ ૪ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ પથ્થર વડે કચડીને તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસે બળાત્કાર અને હત્યાના આરોપમાં ૬૫ વર્ષના વૃદ્ધની ધરપકડ કરી છે.

ઘટનાના વિરોધમાં શનિવારે સેંકડો લોકોએ પુણે-બેંગલુરુ હાઈવે પર પ્રદર્શન કર્યું. જેના કારણે હાઈવે જામ થઈ ગયો. પ્રદર્શનના કારણે હાઈવે લગભગ ચાર કલાક સુધી ઠપ રહ્યો અને લાંબો ટ્રાફિક જામ થયો હતો.

મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે સરકાર આ કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરાવશે અને ગુનેગાર માટે ફાંસીની માંગ કરશે. મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અને NCP (SP) નેતા અનિલ દેશમુખે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસની સુનાવણીની માંગ કરી હતી.

પોલીસ રિપોર્ટ અનુસાર, બાળકી પુણેના ભોર તાલુકામાં નાનીના ઘરે ઉનાળાની રજાઓ મનાવવા આવી હતી. આરોપી ભીમરાવ કાંબલે ૧ મેના રોજ બપોરે લગભગ બે વાગ્યે બાળકીને લલચાવીને પોતાના ઘર પાસે આવેલા તબેલામાં લઈ ગયો.



### અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં 2016માં શરાબ પાર્ટી કેસ

# અર્જુન મોઢવાડિયાનો પુત્ર દારૂ પાર્ટી કેસમાં નિર્દોષ

### 10 વર્ષે ચૂકાદો, તપાસ અધિકારી પર તોડનો આરોપ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં વર્ષ ૨૦૧૬માં નોંધાયેલા શરાબ મહેફિલ કેસમાં લાંબા સમય બાદ મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. આ કેસમાં ભારતીય જનતા પાર્ટી(ભાજપ)ના પોરબંદરના વર્તમાન ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડિયા સહિત કુલ ૨૬ આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.કોર્ટે ૧૪ સાક્ષીઓ અને ૨૬ દસ્તાવેજી પુરાવાની તપાસ બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે.

આખા કેસની વિગતો એવી છે કે, આજથી દસેક વર્ષ અગાઉ ૮ મે ૨૦૧૬ની રાત્રે તત્કાલીન PSI ચંદ્રકલા જાડેજાને બાતમી મળી હતી કે, અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા અસાવરી ટાવરના એક ફ્લેટમાં દારૂની મહેફિલ ચાલી રહી છે. જેના આધારે પોલીસે રેડ પાડી અને સ્થળ પરથી પાર્થ મોઢવાડિયા સહિત ૨૬ લોકોને ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, વરુણ જૈન નામના શખ્સની બર્થડે પાર્ટી માટે તેના પિતા મનોજ જૈનની લિકર પરમિટ પરથી રાજકોટથી દારૂ લાવવામાં આવ્યો હતો.

જોકે, કેસ દરમિયાન બચાવ પક્ષના વકીલો એ. બી. પટેલ અને બી. પી. ઝાલાએ પોલીસ કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેઓએ દલીલ કરી હતી કે રેડ દરમિયાન ફ્લેટનો દરવાજો અડધો ખુલ્લો હતો, જે શંકાસ્પદ પરિસ્થિતિ દર્શાવે છે. ઉપરાંત, PSI દ્વારા રેડ અંગે પોતાના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવી નહોતી અને કોઈ સ્વતંત્ર સાક્ષીઓને સામેલ કરવામાં આવ્યા નહોતા.

વધુમાં, કેસમાં પંચ સાક્ષી તરીકે પોલીસ સ્ટેશન બહારના ચા વેચનારને સામેલ કરાયો હતો. તેમજ આરોપીઓએ PSI ચંદ્રકલા જાડેજા પર જામીન અને મહિલાઓ-બાળકોને છોડવા બદલ ૪ લાખ રૂપિયાની માંગણી કરવાનો આક્ષેપ પણ કર્યો હતો, જે અંગે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ નોંધાઈ હતી.

કોર્ટમાં રજૂ થયેલા પુરાવાઓમાં પણ ખામી જોવા મળી હતી. આરોપીઓના બ્લડ સેમ્પલ સમયસર લેવામાં આવ્યા નહોતા અને સીલ કરવાની પ્રક્રિયામાં પણ નિયમોનું પાલન કરવામાં આવ્યું નહોતું. ઉપરાંત, રેડ દરમિયાન હાજર મહિલાઓની સંખ્યા પણ નોંધવામાં આવી નહોતી. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ ગ્રામ્ય એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સી.વી. ભટ્ટની કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યા છે.


### મોંઘવારીનો ડબલ એટેક

# ગેસના ભાવ વધતા PG અને હોસ્ટેલમાં 10% સુધી ભાડા વધ્યા

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

કોમર્શિયલ રાંધણ ગેસના ભાવમાં થયેલા અસહ્ય વધારાની સીધી અસર હવે સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓના ખિસ્સા પર દેખાવા લાગી છે.હોસ્ટેલ અને પીજી સંચાલકોએ ભાડામાં ૧૦% વધારો કરવાની જાહેરાત કરી છે, જેની અસર રાજ્યના અંદાજે ૨૦ લાખ લોકો પર પડશે.આ ભાવવધારા પાછળનું પ્રાથમિક કારણ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં થયેલો તોતિંગ વધારો છે.રાજ્યમાં કોમર્શિયલ ગેસના ભાવમાં ૯૯૩નો જંગી વધારો થતા, હવે એક સિલિન્ડરની કિંમત ૩,૨૩૭ પર પહોંચી ગઈ છે. હોસ્ટેલના રસોડામાં ગેસનો વપરાશ મોટા પાયે થતો હોવાથી સંચાલકો માટે જૂના ભાવે સુવિધા આપવી આર્થિક રીતે અશક્ય બની હતી. ખર્ચને પહોંચી વળવા માટે કેટલીક હોસ્ટેલોએ લાકડા જેવા વૈકલ્પિક બળતણનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેના ભાવમાં પણ વધારો થતા સંચાલકો પાસે ભાડું વધારવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી. ઘણા સ્થળોએ ગેસની અછતને કારણે સંચાલકોએ બહારથી ઊંચા ભાવે સિલિન્ડર ખરીદવા પડ્યા હોવાનું પણ સામે આવ્યું છે.હોસ્ટેલ અને પીજીમાં રહેતા વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને હવે મોંઘવારીનો માર સહન કરવો પડશે. ખાસ કરીને ચેન્નાઈ જેવા મોટા શહેરોમાં રહેતા લોકોના માસિક બજેટમાં આશરે ૫૦૦ થી ૧,૦૦૦નો વધારો થશે. વધતા ખર્ચને કારણે ઘણી હોસ્ટેલોએ કાં તો તેમના મેનૂમાં ફેરફાર કર્યો છે અથવા વધુ ઇંધણ માંગતી વાનગીઓ બનાવવાનું ઓછું કરી દીધું છે. પરિણામે, રહેવાસીઓએ હવે ભોજન માટે બહારના વિક્રેતાઓ કે પેકેજ્ડ ફૂડ પર નિર્ભર રહેવું પડી રહ્યું છે, જે તેમના જીવનનિર્વાહના ખર્ચમાં વધુ વધારો કરે છે.

જો ગેસ અને અન્ય મેન્ટેનન્સ ખર્ચમાં ઘટાડો નહીં થાય, તો આગામી સમયમાં છાત્રાલયોમાં રહેવું હજુ પણ મોંઘું બની શકે છે. આ આર્થિક ફેરફાર મધ્યમ વર્ગ અને વિદ્યાર્થીઓ માટે એક મોટો પડકાર બની રહ્યો છે.



# લગ્ન દોઢ મહિનામાં જ પતિએ પત્નિનું ગળું દબાવી હત્યા કરી

### પોતે પણ ધાબા પરથી કૂદી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**


વડોદરાના ધોળાકુવા ગામમાં દોઢ મહિના પહેલા સુખી દાંપત્યજીવનના સપનાંઓ સજી સાસરે ગયેલી પરિણીતાની પતિ દ્વારા ગળું દબાવી હત્યા નિપજાવી દેવાતા ચકચાર મચી છે. યુવકે પોતાના સાળાને ફોન કરી કહ્યું હતું કે, 'અમારી લાશો લઈ જજો'. પિયર પક્ષના લોકોને શંકા જતા દીકરીના ઘરે દોડી ગયા હતા. જ્યાં દીકરી બેભાન હાલતમાં મળતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં મૃત જાહેર કરાતા પરિવારને શંકા પડી હતી. મૃતદેહનું પેનલ પીએમ કરવામાં આવતા ગળું દબાવી હત્યા નિપજાવ્યાનો ઘટસ્ફોટ થયો હતો. બનાવ બાદ ફરાર થઈ ગયેલા પતિની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ચંદનપાર્કમાં BAPS સંસ્કારધામનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ








**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના રૈયા રોડ સ્થિત ચંદન પાર્ક વિસ્તારમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમ પાસે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નૂતન સંસ્કારધામનું ભવ્ય નિર્માણ અને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવે શહેરમાં આધ્યાત્મિક ઉર્જાનો અનોખો સંચાર કર્યો હતો.

૨ મે, શનિવારે વહેલી સવારે ૫:૩૦ કલાકે વૈદિક પરંપરા મુજબ યોજાયેલા યજ્ઞથી આ પવિત્ર પ્રસંગની શરૂઆત થઈ હતી. બપોરે ૫:૦૦ કલાકે ભવ્ય નગરયાત્રા યોજાઈ હતી, જેમાં ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી અને રાધા-કૃષ્ણની મૂર્તિઓને આકર્ષક રથમાં સુશોભિત કરાઈ હતી. આ યાત્રામાં મહિલા મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, કોર્પોરેટર જાનકીબેન કટોલીયા, દક્ષાબેન વાસાણી અને અરુણાબેન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. નગરયાત્રામાં વ્યસનમુક્તિ અને સંસ્કારપૂર્ણ જીવનશૈલીનો સંદેશ આપતા ફ્લોટ્સ તથા યુવતીઓના ગરબા અને લેઝીમ નૃત્યએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

સાંજે ૭:૩૦ કલાકે યોજાયેલી જાહેર સભામાં પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ જણાવ્યું કે આ સંસ્કારધામ યુવાનોના ચારિત્ર્ય નિર્માણ માટે પાઠશાળા અને માનવને શુદ્ધ બનાવવાનું આધ્યાત્મિક સર્વિસ સ્ટેશન બનશે. આ સભામાં જયરાજસિંહ જાડેજા, પરેશભાઈ ઠાકર, ડો. અલ્પેશ મોરજારિયા, નાગજીભાઈ વરૂ, વિશાલભાઈ વરીયા, અંજનાબેન મોરજારિયા અને સેજલબેન ચૌધરી જેવા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

૩ મે, રવિવારે સવારે સંતોના માર્ગદર્શન હેઠળ વેદોક્ત ષોડશોપચાર વિધિથી મૂર્તિઓની ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. આ ઐતિહાસિક પળે ભગવાન સમક્ષ ૨૮૩ થી વધુ વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અંતમાં રાજકોટ મંદિરના કોઠારી પૂજ્ય બ્રહ્મતીર્થ સ્વામી અને પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ સૌ ભાવિક ભક્તોને આ નૂતન સંસ્કારધામ દ્વારા થનાર સમાજ ઉપયોગી કાર્યોમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

## મંદિર માણસને માનવ બનાવવાની પાઠશાળા છે

વરિષ્ઠ પ્રાધ્યાપક સંત પૂજ્ય અક્ષરચરણ સ્વામીએ આ પ્રસંગે આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે, વિશ્વના ૨૫ થી વધુ દેશોમાં સ્થિત ૧૪૦૦ થી વધુ મંદિરોની પરંપરાને આગળ વધારતું આ ધામ આધ્યાત્મિકતા અને સમાજસેવાનું પ્રેરણાસ્ત્રોત બનશે. મંદિર માત્ર પૂજાનું સ્થાન નથી, પરંતુ માણસને નમ્રતા, શિસ્ત અને માનવતા શીખવીને જગતમાંથી ભક્ત બનાવવાનું અને જીવન ઘડતર કરવાનું પવિત્ર કાર્ય કરે છે.

# ન્યારામાં વેપારી પર હુમલો કરનાર 4 આરોપીઓનો વરઘોડો નીકળ્યો

» કુખ્યાત રમેશ રાણાના ૨ પુત્રો સહિત ૪ આરોપીઓને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

» બજરંગ પાનના સંચાલક પર પાઈપ અને બોટલોથી ખૂની હુમલો કરી આતંક મચાવ્યો હતો

» બંને પક્ષની સામસામી ફરિયાદમાં કુલ ૧૭ માંથી ૧૦ આરોપીઓને જેલહવાલે કરાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

પડધરી તાલુકાના ન્યારા ગામે વેપારી બંધુ પર હત્યાનો પ્રયાસ કરનાર કુખ્યાત રમેશ રાણાના પુત્રો સહિત ૪ આરોપીઓની પડધરી પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આ આરોપીઓનો ન્યારા ગામમાં જાહેરમાં વરઘોડો કાઢીને તેઓને કાયદાનું ભાન કરાવ્યું હતું. બંને પક્ષે થયેલી મારામારીના ગુનામાં કુલ ૧૭ આરોપીઓ પૈકી અત્યાર સુધીમાં ૧૦ આરોપીઓની ધરપકડ કરી જેલહવાલે કરવામાં આવ્યા છે.



પ્રાપ્ત વિગતો મુજબ, ગત ૨૯ તારીખના રોજ ન્યારા ગામે બજરંગ પાનની દુકાન ચલાવતા અરવિંદભાઈ વઘેરાએ પોતાની દુકાન પાસે કેટલાક શખ્સોને ઝઘડો કરવાની ના પાડી હતી. આ વાતનો ખાર રાખીને ૨ બાઈકમાં આવેલા કુખ્યાત રમેશ રાણાના પુત્ર યશ સહિત ૭ શખ્સોએ ધોકા, પાઈપ અને સોડાની બોટલો વડે હુમલો કરી ભારે આતંક મચાવ્યો હતો. આ ખૂની હુમલામાં વઘેરા બંધુઓને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

બનાવ અંગે પડધરી પોલીસે હત્યાનો પ્રયાસ, રાયોટિંગ અને ધમકી આપવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પડધરી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.જી. ચૌહાણની ટીમે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી હતી. પોલીસે કુખ્યાતના પુત્રો યશ રમેશભાઈ મકવાણા અને કિશન રમેશભાઈ મકવાણા (રહે. નાની અમરેલી, પડધરી), રાહુલ બાબુભાઈ અખિયાણી (રહે. મોરબી) તથા રોહિત ભુપતભાઈ લખાણીયા (રહે. પડધરી) ની ધરપકડ કરી હતી. રવિવારે સવારે ન્યારા ગામ પાસે આ તમામ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું અને કાયદો વ્યવસ્થાનો પરિચય કરાવવામાં આવ્યો હતો.

## સામસામી ફરિયાદમાં કુલ 10 આરોપીઓ જેલના સળિયા પાછળ

ન્યારા ગામમાં બજરંગ પાન પાસે થયેલી આ બઘડાટીમાં બંને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે હુમલો કરનારા ૪ આરોપીઓની ધરપકડ કરી વરઘોડો કાઢ્યો હતો, જ્યારે સામા પક્ષે (ફરિયાદી પક્ષે) પણ સ્વબચાવમાં કે ગુસ્સામાં વળતો હુમલો કર્યો હોવાથી તેમના પક્ષના ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આમ, આ હિંસક મારામારી કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૦ આરોપીઓને જેલહવાલે કરી દેવામાં આવ્યા છે.

# રાજકોટના ઘનશ્યામનગરમાં સાત વર્ષ જૂના મનદુખમાં પાડોશીઓ બાખડ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના કોઠારીયા રોડ પર આવેલ ઘનશ્યામનગર વિસ્તારમાં રવિવારે રાત્રે સાત-આઠ વર્ષ જૂના મનદુખનો ખાર રાખી બે પાડોશી પરિવારો વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો હતો. આ ઝઘડામાં ઈંટ, પથ્થર અને કાચની ચીજવસ્તુઓ ઉછળતા અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવને પગલે ભક્તિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બંને પક્ષની ફરિયાદ પરથી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘનશ્યામનગર-૧૬ માં રહેતા અને ઈમિટેશનનું કામ કરતા કિંજલબેન પંકજભાઈ વાઘેલાએ પાડોશી લાલાભાઈ સાગઠીયા, તેની બહેન હેતલ, પત્ની કલીબેન અને ભાણેજ ભૂરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. રાત્રે ૧૦:૩૦ વાગ્યે કિંજલબેનના પતિ પંકજભાઈ પાનની દુકાને ગયા ત્યારે લાલાભાઈએ જૂના મનદુખમાં ગાળો દેવાનું શરૂ કર્યું હતું. દંપતી જ્યારે પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા નીકળ્યું ત્યારે લાલાભાઈ અને તેના પરિવારજનોએ શેરીમાં રોકી હુમલો કર્યો હતો. લાલાએ કાચની ધારદાર વસ્તુ માથામાં મારી દેતા કિંજલબેન લોહીલુહાણ થયા હતા, જ્યારે અન્ય મહિલાઓએ ઈંટ-પથ્થરના ઘા કર્યા હતા. સામા પક્ષે પરેશભાઈ ચંદુભાઈ સાગઠીયાએ કિંજલબેન અને તેના પતિ પંકજભાઈ વાઘેલા વિરુદ્ધ વળતી ફરિયાદ નોંધાવી છે. પરેશભાઈના જણાવ્યા મુજબ, તેનો પિતરાઈ ભાઈ લાલો (આકાશ) અને કિંજલબેન વચ્ચે બોલાચાલી થતી હતી ત્યારે તેઓ સમજાવવા વચ્ચે પડ્યા હતા.આ સમયે કિંજલબેને અગાસી પરથી પથ્થરનો ઘા કરતા પરેશભાઈને માથામાં ઈજા થઈ હતી અને પંકજભાઈએ પણ કાચના ઘા કર્યા હોવાનો આક્ષેપ કરાયો છે. બનાવની જાણ થતા જ ૧૧૨ અને ૧૦૮ની ટીમ દોડી ગઈ હતી. ઈજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ ગઢવીએ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાત્રિના સમયે થયેલી આ માથાકુટને પગલે વિસ્તારમાં થોડો સમય તંગદિલી છવાઈ ગઈ હતી, જેને પગલે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પરિસ્થિતિ થાળે પાડી હતી.

# પુત્રના લગ્નની ફી ભરી પરત ફરતા પિતાનું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

કોટડા સાંગાણીના શાપર ગામે ગોવિંદનગરમાં રહેતા દેવશીભાઇ ખીમાભાઇ વેગડા (ઉ.વ. ૫૫) નામના પ્રૌઢ ગત ૨૭ એપ્રિલના રોજ પોતાના મોટરસાયકલ પર સોમનાથ ગયા હતા. તેમના પુત્રના લગ્ન આગામી ૯ તારીખે સોમનાથ ખાતે સમૂહ લગ્નોત્સવમાં નિર્ધારિત થયેલા હોય, તેની ફી ભરવા માટે તેઓ ગયા હતા. ફી ભરીને પરત શાપર આવી રહ્યા હતા ત્યારે જૂનાગઢના ચોકી-વડાલ પાસે કોઈ અજાણ્યા વાહનચાલકે તેમની બાઈકને જોરદાર ઠક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દેવશીભાઇ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રથમ તેમને જૂનાગઢ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, જીવન-મરણ વચ્ચે જંગ લડતા દેવશીભાઇએ સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા. મૃતક દેવશીભાઇ છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં ૨ દીકરા અને ૧ દીકરી છે. ઘરમાં દીકરાના લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. લગ્નને આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે પિતાની છત્રછાયા ગુમાવતા સંતાનો પર દુખનો પહાડ તૂટી પડ્યો છે. અકસ્માતના બનાવ અંગે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# ખોટા પુરાવાના કેસમાં પત્ની સહિત 3 આરોપીઓ નિર્દોષ

## ફેમિલી કોર્ટમાં ભરણપોષણના કેસમાં DNA રિપોર્ટ બાદ પતિએ નોંધાવી હતી ફરિયાદ

### » કોર્ટના આદેશની ઉપરવટ જઈ પોલીસ ફરિયાદ નોંધાવતા બચાવ પક્ષની ધારદાર દલીલ

### » કાયદાકીય જોગવાઈઓના ભંગ બદલ મેજિસ્ટ્રેટ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છોડ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની ફેમિલી કોર્ટમાં ચાલતા ભરણપોષણના કેસમાં DNA રિપોર્ટ બાદ ખોટા પુરાવા રજૂ કરવા અંગે પતિ દ્વારા પત્ની અને તેના ૨ સંબંધીઓ સામે નોંધાવવામાં આવેલી ફરિયાદમાં અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે કાયદાકીય જોગવાઈઓના ભંગ અને સત્તા વગરની ફરિયાદના આધારે તમામ ૩ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી રોડ પર રહેતા બેચર છગનભાઈ લીંબાસીયાએ તેમની પત્ની રંજનબેન તથા તેના બનેવી રમેશ મોહનભાઈ પીપળીયા અને પિતરાઈ ભાઈ પરસોતમ હંસરાજભાઈ લુણાગરીયા સામે IPC ની કલમ ૧૯૧, ૧૧૪, ૧૯૯, ૧૦૭ અને ૧૦૮ હેઠળ ફેમિલી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. પત્નીએ કરેલી ભરણપોષણની અરજીમાં પતિએ બાળક પોતાનું ન હોવાની તકરાર ઉઠાવી DNA રિપોર્ટ કરાવ્યો હતો. આ રિપોર્ટ બાળકના પિતા સાથે મેચ ન થતાં પત્નીએ કોર્ટમાં ખોટી હકીકતો અને નિવેદનો આપ્યા હોવાનો આક્ષેપ થયો હતો. આ મામલે ફેમિલી કોર્ટે માત્ર પત્ની સામે કાર્યવાહી કરવા અને અન્ય ૨ આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકવા હુકમ કર્યો હતો.

જોકે, ફેમિલી કોર્ટના હુકમ


એડવોકેટ
સુરેશ ફળદુ

છતાં, રજિસ્ટ્રાર મારફતે ફરિયાદ દાખલ થવાને બદલે પતિ બેચરભાઈએ જાતે પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાવી દીધો હતો. પોલીસ દ્વારા ચાર્જશીટ રજૂ થયા બાદ આ કેસ ચાલવા પર આવતા બચાવ પક્ષના વકીલો દ્વારા કોર્ટમાં ધારદાર દલીલ કરવામાં આવી હતી કે ફેમિલી કોર્ટના હુકમની ઉપરવટ જઈને આરોપી નંબર ૨ અને ૩ ને ખોટી રીતે સંડોવી દેવાયા છે.

વધુમાં દલીલ કરાઈ હતી કે, ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) ની કલમ ૧૫૫(૨) મુજબ કોર્ટની પરવાનગી વગર પોલીસે બારોબાર તપાસ કરી ચાર્જશીટ રજૂ કરી દીધી છે. તેમજ કલમ ૧૯૫ ની જોગવાઈ મુજબ કોર્ટ કે અધિકૃત અધિકારી દ્વારા લેખિત ફરિયાદ થવી જોઈએ, જેના બદલે આ કિસ્સામાં ખાનગી વ્યક્તિ દ્વારા ફરિયાદ થઈ છે, જે કાયદાકીય રીતે માન્ય નથી.

અદાલતે બંને પક્ષોની રજૂઆતો અને દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લઈ નોંધ્યું કે, પોલીસ તપાસ, નિવેદનો અને ચાર્જશીટ કાયદા મુજબ યોગ્ય નથી અને આ કાયદાકીય ખામીઓનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે. આથી, સાક્ષીઓના પુરાવાનું વધુ મૂલ્યાંકન કર્યા વિના કોર્ટે ત્રણેય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરી છોડી મુક્યા હતા. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા અને તેમની ટીમ રોકાઈ હતી.

# દેતડીયા ગામે સોડા લેવા ગયેલા યુવાન પર હુમલો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોટડાસાંગાણી તાલુકાના દેતડીયા ગામે પાનની દુકાને સોડા લેવા ગયેલા યુવાનને દુકાનદારે 'તારે અહીં આવવું નહીં' કહીને લાકડી વડે માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. ત્યારબાદ સાંજના સમયે પણ દુકાનદાર સહિતના શખ્સોએ યુવાનને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. દેતડીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા હરેશભાઈ ભીમભાઈ વાળા (ઉ.વ. ૩૫) એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગામના જ કુલદીપ બદરૂ ધાધલ અને ભરત માણશી ધાધલના નામ આપ્યા છે. સિવિલ હોસ્પિટલના બિછાનેથી સારવાર લઈ રહેલા ફરિયાદી હરેશભાઈ વાળાએ જણાવ્યું હતું કે, ગત તારીખ ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૪:૩૦ વાગ્યે તેઓ ગામમાં આવેલી વલકુભાઈ કાથડભાઈ ધાધલની દુકાને સોડા લેવા ગયા હતા. તે સમયે દુકાને બેઠેલા કુલદીપ ધાધલ પાસે સોડા માંગતા તેણે કહ્યું હતું કે, "તું શું કામ અમારી દુકાને આવે છે, તને સોડા નથી આપવી, અહીંથી જતો રહે." હરેશભાઈએ મફત નહીં પરંતુ પૈસા દઈને સોડા લેવાની વાત કરતા કુલદીપ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડીને મારામારી કરી હતી. ત્યારબાદ સાંજના સમયે ફરી કુલદીપ અને ભરતભાઈએ ભેગા મળીને હરેશભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ખૂનની ધમકી આપી હતી. આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા હરેશભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવ બાદ બંને પક્ષો વચ્ચે ઘરમેળે સમાધાનની વાતચીત ચાલતી હતી, જોકે સમાધાન ન થતા આખરે હરેશભાઈએ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

# ઉપલેટાના મેરવદરમાં નિદ્રાધીન પ્રૌઢ પર ચાર શખ્સોનો હુમલો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઉપલેટા તાલુકાના મેરવદર ગામે વાહન સામસામે આવી જવાના પ્રશ્ને પુત્ર સાથે થયેલી બોલાચાલીનો ખાર રાખી રાત્રે વાડામાં સૂતેલા પ્રૌઢ પર ૪ શખ્સોએ લાકડી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં પ્રૌઢનો પગ ભાંગી જતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે ભાયાવદર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, મેરવદર ગામે રહેતા અને પશુપાલન કરતા ઉકાભાઈ હમીરભાઈ બઢ (ઉ.વ. ૫૦) ગત તારીખ ૨ ના રોજ સાંજે મેરવદર-પ્રાંસલા રોડ પર આવેલા પોતાના વાડે સૂવા ગયા હતા. રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે તેઓ ઊંઘતા હતા ત્યારે આરોપીઓ ત્યાં આવ્યા હતા અને ગાળો ભાંડી હતી. દલો વાંદા કહેવા લાગ્યો કે, "૨ દિવસ પહેલા તારા દીકરા હાર્દિકે કેમ મારી સાથે માથાકૂટ કરી હતી?"

તેમ કહી દલા વાંદાએ પોતાના હાથમાં રહેલી લાકડી પ્રૌઢના પગે ઢીંચણ પાસે મારી હતી અને કાસા વાંદાએ કમરના પાછળના ભાગે તથા સાથળમાં લાકડી ફટકારી હતી. અન્ય આરોપીઓ રામા રાણા વાંદા અને વિવેક રાણા વાંદા સહિત તમામે પ્રૌઢને ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલો કર્યા બાદ આરોપીઓ બહાર રોડ પર પડેલી પોતાની કાર લઈને નાસી ગયા હતા.

હુમલા બાદ પ્રૌઢે પોતાના પુત્ર હાર્દિકને ફોન કરી જાણ કરતા તેમને સારવાર માટે ઉપલેટાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૨ દિવસ પહેલા પુત્ર હાર્દિક અને દલા વાંદાનું વાહન સામસામે આવી જતા બોલાચાલી થઈ હતી, જેનું મનદુખ રાખીને આ હુમલો કરવામાં આવ્યો હોવાનું ખુલ્યું છે. પોલીસે ચારેય આરોપીઓ (રહે. વડેખણ, ઉપલેટા) સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ કોરિડોરમાં ડિમોલિશન શરૂ : 250 મિલકતોનું સંપાદન

» પઠાણવાડા, ભોંયવાડામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બુલડોઝર ફર્યા

» જિલ્લા પોલીસવડા અને ડેપ્યુટી કલેક્ટરની હાજરીમાં શાંતિપૂર્ણ કાર્યવાહી







**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

વિશ્વવિખ્યાત યાત્રાધામ સોમનાથ નગરમાં ચાલી રહેલા કોરિડોર વિકાસ પ્રોજેક્ટને હવે ગતિ આપવાની કામગીરીનો પ્રારંભ થયો છે. સોમનાથ મંદિર આસપાસના વિસ્તારોમાં તંત્ર દ્વારા ડિમોલિશન કામગીરીનો પ્રારંભ કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ચહલપહલ સાથે તંત્રની સક્રિયતા જોવા મળી હતી.

વહેલી સવારે સોમનાથ મંદિર પરિસર નજીક આવેલા પઠાણવાડા, ભોંયવાડા તેમજ જુના સોમનાથ મંદિર સહિતના આસપાસના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્રના જેસીબી (JCB) મશીનો વડે મકાનો પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ તમામ વિસ્તારો સંવેદનશીલ હોવાનું ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. ડિમોલિશન સમયે સ્થળ પર જિલ્લા પોલીસવડા, નાયબ કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ ખડેપગે હાજર રહી કામગીરીનું સતત મોનીટરીંગ કરી રહ્યા હતા. તંત્ર દ્વારા સમગ્ર ડિમોલિશનની કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે જરૂરી તમામ આગોતરા પગલાં લેવામાં આવ્યા છે.

આ સમગ્ર પ્રક્રિયામાં ૧ મહત્વપૂર્ણ બાબત એ છે કે, સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ માટે લગભગ ૨૫૦ થી વધુ મિલકતધારકોએ સ્વૈચ્છિક રીતે પોતાની મિલકતો સરકારને સુપ્રત કરી છે. સરકારને સહકાર આપતા આસામીઓએ વિકાસકાર્ય માટે સહભાગિતા દર્શાવતા તંત્રને કામગીરીમાં ભારે સહેલાઈ મળી છે.

સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત મંદિર પરિસરનો સર્વાંગી વિકાસ કરવાનો સરકારનો હેતુ છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાઓ, વિશાળ પ્રવેશ માર્ગ, સુવ્યવસ્થિત પાર્કિંગ અને સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે. ધાર્મિક અને પ્રવાસનના વૈશ્વિક નકશા પર અગત્યનું સ્થાન ધરાવતા સોમનાથ મંદિરને વધુ ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા આ કોરિડોર પ્રોજેક્ટ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થવાનો છે. હાલ ચાલી રહેલી ડિમોલિશન કામગીરીને લઈ સ્થાનિકોમાં વિવિધ પ્રતિસાદ જોવા મળી રહ્યો છે, છતાં સમગ્ર પ્રક્રિયા અત્યંત શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહી છે.

# ગોંડલમાં લાકડાના કારખાનામાં ભીષણ આગઃ લાખોનું નુકશાન

ત્રણ તાલુકાની ફાયરબ્રિગેડની ટીમે ૫ કલાકથી વધુ પાણીનો મારો ચલાવ્યો : જેસીબીની મદદથી દીવાલ તોડાઈ

**સિટી ન્યૂઝ@ગીર ગોંડલ**

ગોંડલના ગંજીવાડા વિસ્તારમાં મોડી રાત્રે આગની એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલા જે 'ભગવાન એન્ટરપ્રાઈઝ' નામના લાકડાના છોલના કારખાનામાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. છેલ્લા ૫ કલાકથી ફાયર ફાઈટરોની ટીમ આગ પર કાબૂ મેળવવા મથામણ કરી રહી છે, પરંતુ આગ હજુ પણ યથાવત છે. હાલ હજુ ૨ કલાક બાદ આગ બુઝાઈ તેવી શક્યતા સેવાઈ રહી છેગોંડલના ગંજીવાડામાં મોડી રાત્રે આશરે ૩ વાગ્યાના



અરસામાં જે ભગવાન એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં આગ લાગી હતી. લાકડાનો છોલ હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભયાનક હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોઈ શકાતા હતા.આ ઘટનાની જાણ થતા જ ગોંડલ સહિત રાજકોટ અને શાપર થી ફાયર ફાઈટરની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. કુલ ૪ ફાયર ફાઈટરની ટીમો દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, આગ પર કાબૂ મેળવવા માટે સ્થાનિક ખાનગી પાણીના ટેન્કરોની પણ મદદ લેવામાં આવી રહી છે.

આગ કારખાનાના અંદરના ભાગે હોવાથી અને તેને બુઝાવવામાં મુશ્કેલી પડતી હોવાથી, ફાયર વિભાગ દ્વારા ૨ જેસીબી (JCB) મશીનો બોલાવવામાં આવ્યા હતા. જેસીબીની મદદથી કારખાનાની દીવાલ તોડીને ફાયર ફાઈટરોએ અંદર પ્રવેશ કર્યો હતો અને આગ બુઝાવવાની કામગીરી તેજ બનાવી હતી.

આ આગની ઘટનામાં કારખાનામાં રાખેલો લાખો રૂપિયાનો લાકડાનો જથ્થો, લાકડાનો છોલ, બે કિંમતી મશીનો અને ઈલેક્ટ્રિક મોટરો બળીને ખાખ થઈ ગયા છે. પ્રાથમિક તપાસમાં આ ભીષણ આગ શોર્ટ સર્કિટ ના કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. હાલમાં ૫ કલાક જેટલો સમય વીતી ગયો હોવા છતાં આગ હજુ સંપૂર્ણપણે કાબૂમાં આવી નથી. ફાયર વિભાગના જવાનો જીવના જોખમે આગ ઓલવવાના પ્રયાસો કરી રહ્યા છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

# ઠાકોર સમાજની ગુજરાત બંધની ચીમકી

**સિટી ન્યૂઝ@વિરમગામ**

વિરમગામ ખાતે ઠાકોર સમાજ અને કોળી પટેલ સમાજ દ્વારા ગેનીબેન ઠાકોરના અપમાન મુદ્દે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બંને સમાજના આગેવાનો અને સભ્યોએ એકત્ર થઈ સંયુક્ત રીતે આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમણે જગદીશ વિશ્વકર્મા જાહેરમાં માફી માંગે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. માંગણીઓ ન સ્વીકારાય તો ગુજરાત બંધની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.આવેદનપત્રમાં જણાવાયું હતું કે ગેનીબેન ઠાકોર અંગે કરવામાં આવેલ અપમાનજનક નિવેદનથી સમગ્ર સમાજની લાગણીઓને ઠેસ પહોંચી છે. આ મામલે જવાબદાર ગણાતા જગદીશ વિશ્વકર્મા સામે તાત્કાલિક પગલાં લેવાની અપીલ કરવામાં આવી હતી.સમાજના આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો તેમની માંગણીઓ તાત્કાલિક સ્વીકારવામાં નહીં આવે, તો સમગ્ર ગુજરાતમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. આ ઉપરાંત, ગુજરાત બંધનું એલાન પણ આપવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.આ પ્રસંગે ઠાકોર સમાજના આગેવાન ઠાકોર સકરાજીએ જણાવ્યું હતું કે, સમાજના સન્માન સાથે કોઈપણ પ્રકારનું સમાધાન સ્વીકાર્ય બનશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે સમાજ એકતાબદ્ધ છે અને ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખશે.



ગેનીબેન ઠાકોરના અપમાન મુદ્દે ઠાકોર સમાજનો વિરોધઃ જગદીશ વિશ્વકર્મા માફી માંગે–કાયદેસર કાર્યવાહીની માગ



### ધોરણ-12 સાયન્સમાં ગોંડલના BAPS સ્વામિનારાયણ ગુરુકુળનો ડંકો

# સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન સાથે 5 વિદ્યાર્થીઓ ટોપ-10માં ઝળક્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલા ધોરણ-૧૨ સાયન્સના પરિણામમાં ગોંડલની સુપ્રસિદ્ધ BASP સ્વામિનારાયણ ગુરુકુળએ આ વર્ષે પણ ભવ્ય સફળતા પ્રાપ્ત કરી ગોંડલ શહેર તેમજ સમગ્ર ગુજરાતમાં ગૌરવ વધાર્યું છે.

દર વર્ષની માફક આ વર્ષે પણ સંસ્થાએ ઉત્તમ પરિણામોની શ્રેણી જાળવી રાખી છે. સમગ્ર બોર્ડમાં ગુરુકુળના ૫ વિદ્યાર્થીઓએ ટોપ-૧૦માં સ્થાન મેળવી સંસ્થાની શ્રેષ્ઠ પરંપરા યથાવત રાખી છે.

વિગત મુજબ, સમગ્ર ગુજરાત બોર્ડમાં ઓમ પટેલે ૯૯.૯૯ PR સાથે



પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સામાન્ય ખેત મજૂરી કરીને ગુજરાન ચલાવતા પિતાના પુત્ર મિલન ખાણધર ૯૯.૯૮ PR સાથે દ્વિતીય સ્થાન મેળવી પ્રેરણાદાયક સિદ્ધિ હાંસલ કરી છે. તેમજ ઋત્વિક લીંબાસીયાએ ૯૯.૯૭ PR સાથે ત્રીજા ક્રમે સ્થાન મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે.

આ ઉપરાંત, સમગ્ર ગુરુકુળ, કુમાર તથા કન્યા શાળામાંથી કુલ ૨૩ વિદ્યાર્થીઓએ ૯૯ PRથી વધુ ગુણ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ પરિણામ નોંધાવ્યું છે.

કોમર્સ પ્રવાહમાં પણ વિદ્યાર્થીઓએ સરસ પ્રદર્શન કરતાં ૨૮ વિદ્યાર્થીઓએ ૯૯ PRથી વધુ ગુણ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

વિદ્યાર્થીઓની આ ભવ્ય સફળતા પાછળ સંસ્થાના શિક્ષકોનું માર્ગદર્શન, સંચાલનનો સહકાર અને વિદ્યાર્થીઓની મહેનત મુખ્ય કારણરૂપ છે.

આ પ્રસંગે BAPS સંસ્થાના નિર્ભય સ્વામી તથા આચાર્યશ્રી, તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ તેમના ઉજ્જવળ ભવિષ્ય અને ઉચ્ચ કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.




# શહેરની 24 આંગણવાડીઓમાં મુથુટ ફાઈનાન્સ દ્વારા રમકડાંનું વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મહાનગરપાલિકાના આઈસીડીએસ (ICDS) અર્બન શાખાના વેસ્ટ ઝોન આંબેડકરનગર સેજામાં સ્વ. એમ. જી. જ્યોર્જ મુથુટની સ્મૃતિમાં મુથુટ ફાઈનાન્સ કંપની દ્વારા સીએસઆર (CSR) એક્ટિવિટી અંતર્ગત એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત આંબેડકરનગરની કુલ ૨૪ આંગણવાડીઓના બાળકો માટે ૧૩,૦૦૦ રૂપિયાની કિંમતની રમકડાંની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વોર્ડ નંબર ૧૨ ના પૂર્વ મેયર અને વર્તમાન કોર્પોરેટર પ્રદીપભાઈ ડવ, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ, બાળ વિકાસ અધિકારી પૂજાબેન જોષી, મુખ્ય સેવિકા ભવ્યતાબેન પરમાર તથા મુથુટ ફાઈનાન્સના ઝોનલ મેનેજર સહિત અન્ય અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આંબેડકરનગર સેજાની તમામ ૨૪ આંગણવાડીની કાર્યકર બહેનોને રમકડાંની કીટ અર્પણ કરવામાં આવી હતી.આ પ્રસંગે કોર્પોરેટર પ્રદીપભાઈ ડવે જણાવ્યું હતું કે, “બાળકો એ દેશનું ભવિષ્ય છે. મુથુટ ફાઈનાન્સ જેવી પ્રતિષ્ઠિત કંપની જ્યારે આંગણવાડીના બાળકોના વિકાસ માટે આગળ આવે છે ત્યારે સમાજમાં સકારાત્મક સંદેશ જાય છે. આ રમકડાંથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે અને તેઓ આંગણવાડી તરફ વધુ આકર્ષાશે.”

### ખાનગી સ્કૂલને ટક્કર આપતા બે સ્કુલના પરિણામો

# મનપાની સરોજિની નાયડુ હાઈસ્કૂલનું 100% પરિણામ

**રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ અને પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલે ધોરણ ૧૨ બોર્ડના પરિણામોમાં ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ચાલુ વર્ષે સરોજિની નાયડુ હાઈસ્કૂલે ૧૦૦% અને પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલે ૮૦.૨૦% પરિણામ મેળવી સમગ્ર શહેરનું ગૌરવ વધાર્યું છે. સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલની તમામ ૧૦૭ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થતાં શાળાનું પરિણામ ૧૦૦% નોંધાયું છે. જેમાં ૮૦ PR થી વધુ ગુણ મેળવનાર ૫૭ અને ૯૦ PR થી વધુ ગુણ મેળવનાર ૪૦ વિદ્યાર્થીનીઓ સામેલ છે. ૧ પણ વિદ્યાર્થી નાપાસ ન થવું એ શાળાના મજબૂત શૈક્ષણિક ધોરણની સાબિતી આપે છે. બીજી તરફ, પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કુલના કુલ ૯૬ માંથી ૭૭ વિદ્યાર્થીઓ પાસ થતાં શાળાનું પરિણામ ૮૦.૨૦% નોંધાયું છે. માર્ચ ૨૦૨૫ માં આ પરિણામ ૭૫% હતું, જેમાં આ વર્ષે ૫.૨૦% નો નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. આ સિદ્ધિ પાછળ શિક્ષકો, વિદ્યાર્થીઓની અથાક મહેનત અને વાલીઓનો સહકાર રહેલો છે.

- **» પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલનું પરિણામ 80.20%, ગત વર્ષ કરતા 5.20% નો સુધારો**
- **» કુલ 107 માંથી 40 વિદ્યાર્થીનીઓએ 90 થી વધુ PR મેળવી ઉત્તમ સિદ્ધિ હાંસલ કરી**
- **» શિક્ષકોનો અવિરત પ્રયત્ન અને મનપાના યોગ્ય માર્ગદર્શનથી શૈક્ષણિક ગુણવત્તામાં વધારો**

સરોજિની નાયડુ હાઈસ્કૂલે છેલ્લા ૩ વર્ષથી સતત ૧૦૦% પરિણામની અકબંધ પરંપરા જાળવી રાખી છે. વિદ્યાર્થિની ક્રિષા ઉમરાણિયાએ ૯૯.૯૯ PR મેળવી શાળાનું નામ રોશન કર્યું છે, જ્યારે અન્ય ૧૨ વિદ્યાર્થીનીઓએ વિવિધ વિષયોમાં પૂરા ૧૦૦ ગુણ મેળવ્યા છે. મનપાની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને યોગ્ય માર્ગદર્શનના કારણે જ આ ભવ્ય સિદ્ધિ શક્ય બની છે.

## પરિણામ પૂર્વે વિદ્યાર્થીઓને વાલી મહામંડળનો પ્રેરક સંદેશ

# નાપાસ થનાર પણ સફળ થઈ શકે છે

### ‘જાન હૈ તો જહાન હૈ’ ના મંત્ર સાથે નિષ્ફળતા પચાવવા વિદ્યાર્થીઓને અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સોમવારે ગુજરાત બોર્ડનું પરિણામ જાહેર થવા જઈ રહ્યું છે, ત્યારે પરીક્ષાના પરિણામને લઈને તણાવ અનુભવતા વિદ્યાર્થીઓ માટે રાજકોટ શહેર જિલ્લા વાલી મહામંડળ દ્વારા ૧ હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયક સંદેશ આપવામાં આવ્યો છે. વાલી મહામંડળના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા, મહામંત્રી એડવોકેટ નયનભાઈ કોઠારી અને સહમંત્રી જીતુભાઈ લખતરીયાએ વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે નાપાસ થયા પછી પણ સફળ થઈ શકાય છે, શરત એટલી કે જીવતા રહેવું જોઈએ.

વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા આગેવાનોએ જણાવ્યું હતું કે, સચિન તેંડુલકર ૧૦ માં ધોરણમાં નાપાસ થયા હતા અને આજે મહારાષ્ટ્ર બોર્ડમાં ૧૦ માં ધોરણમાં તેમના પર જ ૧ પાઠ ભણાવવામાં આવે છે. અમિતાભ બચ્ચન રેડિયોની પરીક્ષામાં ફેઈલ થયા હતા અને આજે આખી દુનિયા તેમના અવાજની દીવાની છે. પૂજ્ય મોરારીબાપુ ૧૦ માં ધોરણમાં ૩ વખત નાપાસ થયા હતા, પરંતુ આજે ૩ વખત Ph.D. કરેલા લોકો પણ તેમને કલાકો સુધી પલાંઠી વાળીને સાંભળે છે. પ્રમુખસ્વામી મહારાજે માત્ર ધોરણ ૬ સુધી



અભ્યાસ કરેલો, છતાં તેમણે વિશ્વમાં હજારો મંદિરો, સ્કૂલો અને હોસ્પિટલોનું નિર્માણ કર્યું. મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, વિન્સ્ટન ચર્ચિલ, બિલ ગેટ્સ અને ધીરૂભાઈ અંબાણી જેવા મહાનુભાવો પણ નાપાસ થયા હતા અથવા ઓછા માર્ક્સ લાવ્યા હતા.

આગેવાનોએ ખાસ ભાર મૂકતા કહ્યું કે, હાલમાં ઉચ્ચ સ્થાને બિરાજતા ઘણા ઓફિસરો પણ નાપાસ થયા પછી સફળ થયા છે. ઉપરવાળાએ જિંદગી જીવવા માટે આપી છે, મરવા માટે નહીં. કદાચ ઓછા ટકા આવે કે નાપાસ થાઓ તો પણ આપઘાત કરવાનું સપનામાં પણ ન વિચારશો.

### આપઘાતનો વિચાર આવે તો ૯ મહિના ગર્ભમાં રાખનાર માતાને યાદ કરો

વાલી મહામંડળે વિદ્યાર્થીઓને ભાવુક અપીલ કરતા જણાવ્યું છે કે, જે વિદ્યાર્થીઓને આપઘાત કરવાનો વિચાર આવે તેમણે રસોડાના બારણાં પાછળ કામ કરતી પોતાની માતાના ચહેરા સામે ધારી-ધારીને જોવું. તેમણે વિચારવું કે ૯ મહિના ઉદરમાં રાખી મોત સામે બાથ ભીડી જન્મ આપનાર માં મોટી છે કે પરિણામ? જો હું આત્મહત્યા કરીશ તો મારી માં પર શું વીતશે? સારા માર્ક્સથી મા-બાપને ગૌરવ થશે, પણ નાપાસ થવાથી તેમનું માથું શરમથી ઝૂકી જશે તેવો ભ્રમ કાઢી નાખજો. સમાજમાં શું આબરૂ રહેશે તેવી ખોટી બીકથી જ આપઘાત થતા હોય છે. પરિણામને સહર્ષ સ્વીકારી ઉજ્જવળ ભવિષ્ય માટે ફરી પ્રયત્ન કરો કારણ કે, જાન હૈ તો જહાન હૈ.

# MLA ઉદય કાનગડે 3 રાજ્યોમાં ભાજપના વિજયને બિરદાવ્યો

» ડબલ એન્જિન સરકારની વિકાસલક્ષી રાજનીતિ પર જનતાએ ફરી મહોર મારી

» આ જીતને નરેન્દ્ર મોદી અને અમિત શાહના મજબૂત નેતૃત્વનું પરિણામ ગણાવ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પોંડિચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર પ્રદર્શનને રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડે ઉમળકાભેર આવકાર્યું છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડિચેરીમાં મળેલા ભવ્ય અને ઐતિહાસિક વિજય બદલ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ તેમજ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.



ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે, આ વિજય માટે ભાજપના સમર્પિત કાર્યકરો, નિષ્ઠાવાન સમર્થકો અને દેશના જાગૃત મતદાતાઓ વિશેષ અભિનંદનને પાત્ર છે. લોકોની મહેનત, વિશ્વાસ અને અવિરત પ્રયાસોથી જ આ ભવ્ય જીત શક્ય બની છે. આ પરિણામો ભારતીય જનતા પાર્ટીના મજબૂત સંગઠન, સકારાત્મક રાજકારણ અને વિકાસમુખી દ્રષ્ટિકોણનું જીવંત પ્રતિબિંબ છે. ભાજપે હંમેશા “સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ” ના મંત્રને આત્મસાત કરીને કાર્ય કર્યું છે, જેના કારણે દેશના દરેક ખૂણામાં પક્ષનું જનસમર્થન સતત વધી રહ્યું છે.કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સીધો લાભ આપતી યોજનાઓથી મતદાતાઓમાં વિશ્વાસ વધ્યો છે. લોકો હવે વિકાસ અને સુશાસનને પ્રાધાન્ય આપી રહ્યા છે. આરોગ્ય, શિક્ષણ, રસ્તાઓ અને ઉદ્યોગોના ક્ષેત્રમાં થયેલા સુધારાઓએ મતદારોના નિર્ણયને ભારે અસર કરી છે. ભારતીય જનતા પાર્ટીની "ડબલ એન્જિન સરકાર" ની વિચારધારા અસરકારક સાબિત થઈ છે અને કેન્દ્ર-રાજ્ય વચ્ચેના સંકલનથી વિકાસના નવા દ્વાર ખુલ્યા છે.

### આ વિજય માત્ર ચૂંટણી જીત નહીં, જનવિશ્વાસનો મહાવિજય છે

ધારાસભ્ય ઉદય કાનગડે આ જીતને પક્ષની “વિજય ગર્જના” અને “જનવિશ્વાસનો મહાવિજય” ગણાવ્યો છે. તેમણે ઉમેર્યું કે આ વિજય માત્ર રાજકીય પરિણામ નથી, પરંતુ દેશના સામાન્ય નાગરિકોની આશા, વિશ્વાસ અને સશક્ત નેતૃત્વ પ્રત્યેની અડગ લાગણીઓનું પ્રતીક છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પાર્ટીના મજબૂત સંગઠન અને રાષ્ટ્રવાદી વિચારધારાના કારણે દેશની રાજકીય દિશા હવે વિકાસ, સ્થિરતા અને મજબૂત નેતૃત્વ તરફ આગળ વધી રહી છે.

## અવસાન નોંધ

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા મૂળ ગામ ભેંસદડ, હાલ રાજકોટ નિવાસી સ્વ. બેચરભાઈ રામજીભાઈ ગોહેલના પુત્ર હિતેશભાઈ (ઉ.વ. ૫૮) જે સ્વ. રતિલાલ, સ્વ. દયાળજીભાઈ અને અમુભાઈના નાનાભાઈ તેમજ મનિષભાઈના મોટાભાઈ અને દીપકભાઈ તથા કુલદીપના કાકા, ક્રિષ્ના, ધાર્મિક, ભક્તિના પિતાશ્રી, અને પરિતોષ છાંટબાર (મામલતદાર) ના સસરાનું દુખદ અવસાન તા.૨૫ ને શનિવાર ના રોજ થયેલ છે. સદગતની ઉતરક્રિયા તા.૫ ને મંગળવાર, સ્થળ ગોકુલમ હાઉસિંગ સોસાયટી, ઈસ્કોન મંદિરની સામે, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

### ઝાલાવાડ ઔદિચ્ય બ્રહ્મ સમાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી કાર્યક્રમ યોજાયો

# રાજકોટમાં 9 બટુકોએ સમૂહમાં નૂતન યજ્ઞોપવિત ધારણ કરી

## » સમાજ અને દાતાઓ તરફથી દરેક બટુકને ૨૫ ઉપયોગી વસ્તુઓ ભેટ

સિટી ન્યૂઝ@રાજકોટ



ઝાલાવાડ ૧૭ તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા રાજકોટમાં સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર ધાર્મિક પ્રસંગે ૯ બટુકોએ વિદ્વાન પંડિતોની નિશ્રામાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર નૂતન યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરી ઉપનયન સંસ્કાર ગ્રહણ કર્યા હતા. રાજકોટમાં છેલ્લા ૬ દાયકાથી કાર્યરત અને મૂળ ઝાલાવાડવાસીઓ માટે સમાજોપયોગી પ્રવૃત્તિ કરતી આ સંસ્થા દ્વારા ૩-૫-૨૦૨૬, રવિવારના રોજ સંતોષ પાર્ક મેઈન રોડ પર આવેલા મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલમાં આ કાર્યક્રમ યોજાયો હતો. શાસ્ત્રી મનિષ ઉપાધ્યાયના આચાર્ય પદે વૈદિક મંત્રોચ્ચાર સાથે તમામ ૯ બટુકોને જનોઈ આપવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના કારોબારી સભ્યો અને અન્ય દાતાઓ તરફથી દરેક બટુકને ઉપયોગી ૨૫ જેટલી વસ્તુઓ ભેટસ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં બ્રહ્મસમાજના અનેક અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી. જેમાં રાજકોટ નાગરિક બેંકના ચેરમેન દિનેશ પાઠક, નગરસેવક પરેશ ઠાકર, ધારાશાસ્ત્રી અંશ ભારદ્વાજ, સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ દર્શિત જાની, પી. બી. ત્રિવેદી, પ્રફુલ દવે, રાજુ જોશી, રાજુ વ્યાસ, હળવદ બ્રહ્મ મિત્ર મંડળના જયેશ જાની, વિપુલ શુક્લ, વિપુલ વ્યાસ, કમલેશ ત્રિવેદી, કૌશિક પાઠક, પૂર્વ નગરસેવક મનિષ રાડિયા, તેજશ ત્રિવેદી, ઉદ્યોગપતિ વિજય દવે અને રાહુલ જોશી, ડો. કે. કે. રાવલ, આત્મીય યુનિવર્સિટીના ડીન ઘનશ્યામ આચાર્ય, જનાર્દન આચાર્ય, બાલેન્દુ જાની, સુરભીબેન આચાર્ય અને ડો. કવિતાબેન ઠાકર જોશી સહિતના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ કમલેશ જોશી અને મહામંત્રી પરાગ ભટ્ટના માર્ગદર્શન હેઠળ કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.




# રૈયા રોડ પર સેવા સમિતિનું છાસ વિતરણ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં પડી રહેલી કાળઝાળ ગરમી અને લૂથી ત્રાહિમામ પોકારી ગયેલા લોકોને રાહત આપવા માટે સાર્વજનિક સેવા સમિતિ આગળ આવી છે. સમિતિના પ્રમુખ રાજુભાઈ જુંજાના માર્ગદર્શન હેઠળ રૈયા રોડ પર પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ સામે ૨ દિવસીય વિનામૂલ્યે ઠંડી છાસ વિતરણનો મેગા કેમ્પ યોજવામાં આવ્યો હતો. આકરા તાપમાં રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ, શ્રમિકો અને વાહનચાલકો સહિત ૧૫૦૦ થી વધુ સ્થાનિકોએ આ નિસ્વાર્થ સેવાનો લાભ લઈ શારીરિક અને માનસિક રાહત અનુભવી હતી. ગરમીના પ્રકોપ વચ્ચે અપાતી આ ઠંડી છાસ લોકો માટે અમૃત સમાન સાબિત થઈ હતી. આ સેવા યજ્ઞ પ્રસંગે સેવાકર્મીઓનો ઉત્સાહ વધારવા માટે અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. જેમાં વોર્ડ નંબર ૧ ના કોર્પોરેટર અંજનાબેન મોરજરીયા, સેજલબેન ચૌધરી, પૂર્વ કોર્પોરેટર ડો. અલ્પેશભાઈ મોરજરીયા અને ભાજપના આગેવાન જયેશભાઈ ત્રિવેદી સહિતના સામાજિક તથા રાજકીય આગેવાનોએ ખાસ ઉપસ્થિત રહીને પોતાના હાથે છાસનું વિતરણ કર્યું હતું. લોકોએ આ પ્રવૃત્તિને ભારે બિરદાવી હતી અને જણાવ્યું હતું કે આવી કપરી ઋતુમાં સામાજિક સંસ્થાઓનો આ પ્રકારનો સહયોગ ખૂબ જ પ્રશંસનીય અને રાહતરૂપ છે.

### માનવ સેવાના કાર્યો અવિરત ચાલુ રહેશેઃ રાજુભાઈ જુંજા

સામાજિક અગ્રણી રાજુભાઈ જુંજાએ લોકોની ઉમળકાભેર મળેલી લાગણીને ધ્યાને લઈ ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો ચાલુ રાખવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે સમાજની જરૂરિયાત સમયે પડખે ઊભા રહેવું એ જ સાચી માનવ સેવા છે. આ ૨ દિવસીય કેમ્પને સફળ બનાવવા માવજીભાઈ મારૂ, કરણભાઈ જુંજા અને મનસુખભાઈ લખતરીયા સહિતના યુવા કાર્યકરોએ કલાકો સુધી ઊભા રહીને ભારે જહેમત ઉઠાવી હતી.

# મુંજકા નગરમાં RSS દ્વારા ભવ્ય 'યુવા સંમેલન' યોજાયું

## » પક્ષીઓ માટે માળા-કુંડા લગાવી પર્યાવરણ જતનનો સંકલ્પ લેવાયો

## » સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગ અંગે બૌદ્ધિક ડિબેટ યોજાઈ

## » કમલેશભાઈ રાદડિયાએ યુવાનોને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણા આપી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), નટરાજ વિસ્તારના મુંજકા નગર દ્વારા વિશેષ 'યુવા સંમેલન' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં યુવા શક્તિને રાષ્ટ્રહિત અને વ્યક્તિગત વિકાસ માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી સંવેદના, બૌદ્ધિક અને શારીરિક એમ ૩ મહત્વપૂર્ણ વિષયો પર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભમાં યુવા સ્વયંસેવકોમાં જીવદયા અને પ્રકૃતિ પ્રેમ જાગૃત થાય તે હેતુથી 'સંવેદના' વિષય હેઠળ વિશેષ સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. ઉનાળાની કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને પક્ષીઓ માટે ચકલીના માળા અને પાણીના કુંડા લગાવવામાં આવ્યા હતા. યુવાનોએ પર્યાવરણના જતન અને રક્ષણ માટે સામૂહિક સંકલ્પ લીધો હતો. યુવાનોમાં સ્ફૂર્તિ અને સાહસ વધે તે માટે વિવિધ કૌશલ્ય પ્રધાન રમતો રમાડવામાં આવી હતી. આ રમતો દ્વારા સાંઘિક ભાવના અને વ્યૂહરચનાના પાઠ શીખવવામાં આવ્યા હતા. ત્યારબાદ બૌદ્ધિક વિભાગમાં વર્તમાન સમયના મહત્વના વિષય "સોશિયલ મીડિયાના લાભ અને ગેરલાભ" પર ૨ ટીમો વચ્ચે તંદુરસ્ત ચર્ચા (ડિબેટ) યોજાઈ હતી. જેમાં ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાનો સકારાત્મક ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે વિસ્તૃત મંથન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા સૌરાષ્ટ્ર પ્રાંત સહ પ્રચારક કમલેશભાઈ રાદડિયાનું પ્રેરક બૌદ્ધિક યોજાયું હતું. તેમણે યુવા અવસ્થાના મહત્વ અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, સંસ્કાર અને શક્તિનો સમન્વય જ દેશને પરમ વૈભવ પર લઈ જઈ શકે છે. આ સંમેલનમાં મુંજકા નગરના તમામ યુવા સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને રાષ્ટ્રસેવાનો સંકલ્પ દોહરાવ્યો હતો.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| ONEMI TECHNOLOGY SOLUTIONS | 30/4 | 5/5 | 162 - 171 | 87 | 14,877 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| VALUE 360 COMMUNICATIONS | 4/5 | 6/5 | 95 - 98 | 2400 | 2,35,200 |
| RECODE STUDIOS | 5/5 | 7/5 | 150 - 158 | 1600 | 2,52,800 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- માઝાગોન ડોક શિપબિલ્ડર્સ એ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના પરિણામો ૩૦ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ જાહેર કર્યા છે. ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૦૭% વધીને ૬૭૪ કરોડ થયો છે (ગયા વર્ષે Q૪ માં ૩૨૫ કરોડ હતો). કામગીરીમાંથી આવક ૨૧% ના વધારા સાથે ૩,૮૫૦ કરોડ પર પહોંચી છે. EBITDA ૫૪૩ કરોડ નોંધાયો છે, અને માર્જિન ૩.૮% થી વધીને ૧૪.૧% થયું છે.
- આરઆર કાબેલ લિમિટેડ એ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના પરિણામો જાહેર કર્યા છે. ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૫.૨% વધીને ૯૧.૪ કરોડ થયો છે. કામગીરીમાંથી આવક ૧૮% ના વધારા સાથે ૧,૯૧૨ કરોડ પર પહોંચી છે. EBITDA: ૧૪૫.૬ કરોડ નોંધાયો છે, જેમાં ૧૨.૫% નો વાર્ષિક વધારો જોવા મળ્યો છે.
- નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) એ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના મજબૂત પરિણામો જાહેર કર્યા છે. ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮.૪% વધીને ૯૦.૩૨ કરોડ થયો છે (ગયા વર્ષે Q૪ માં ૮૩.૩ કરોડ હતો). કામગીરીમાંથી આવક ૨૬% ના વધારા સાથે ૪૫૮.૨૫ કરોડ પર પહોંચી છે. EBITDA ૧૦૩.૯ કરોડ નોંધાયો છે, પણ વધતા ખર્ચને કારણે માર્જિન ઘટીને ૨૨.૭% થયું છે.
- HFCL લિમિટેડ એ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના ઓડિટેડ પરિણામો ૩૦ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ જાહેર કર્યા છે. ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૮૪.૪૫ કરોડ થયો છે (ગયા વર્ષે Q૪ માં ૮૩.૩ કરોડની ખોટ હતી). કામગીરીમાંથી આવક (REVENUE): ૧૨૮% ના વધારા સાથે ૧,૮૨૪.૧૨ કરોડ પર પહોંચી છે. EBITDA: ૩૩૬.૯૩ કરોડ નોંધાયો છે, જેમાં માર્જિન વધીને ૧૮.૪૭% થયું છે.
- મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ દ્વારા એપ્રિલ ૨૦૨૬ માં કંપનીએ કુલ ૨,૩૯,૬૪૬ યુનિટ્સ નું વેચાણ કર્યું છે, જે એપ્રિલ ૨૦૨૫ (૧,૭૯,૭૧૨ યુનિટ્સ) ની સરખામણીએ ૩૩.૩% નો વધારો દર્શાવે છે.
- ટાટા મોટર્સે એપ્રિલ ૨૦૨૬ ના વેચાણના આંકડા જાહેર કર્યા છે, જેમાં કંપનીએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં કુલ ૮૨,૫૪૦ યુનિટ્સનું વેચાણ કર્યું છે. એપ્રિલ ૨૦૨૫ (૭૭,૫૨૧ યુનિટ્સ) ની સરખામણીએ કુલ વેચાણમાં ૬.૫% નો વધારો જોવા મળ્યો છે.
- મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા એપ્રિલ ૨૦૨૬ માં કંપનીએ કુલ ૮૪,૨૧૫ યુનિટ્સ નું વેચાણ કર્યું છે, જે એપ્રિલ ૨૦૨૫ (૭૦,૪૭૧ યુનિટ્સ) ની સરખામણીએ ૧૯.૫% નો વધારો સૂચવે છે.
- હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા એપ્રિલ ૨૦૨૬ માં કંપનીએ કુલ ૬૯,૭૫૦ યુનિટ્સ નું વેચાણ કર્યું છે, જે એપ્રિલ ૨૦૨૫ (૬૩,૭૦૧ યુનિટ્સ) ની સરખામણીએ ૯% નો વધારો સૂચવે છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**